Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १॥

"જે કાલે કરવું હોય (શુભ કાર્ય) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત્ત (બે ઘડી) પણ ઘણાં વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં" (વિલંબ કરીશ નહીં.)

પુસ્તક ૩૯ મું.] કાર્તિક—સંવત ૧૯૮૦. વીર સંવત ૨૪૫૦. [અંક ૮ મો.

## આત્મોપદેશ

તીરથની આશાતના નવિ કરીએ—એ દેશી

દશ દ્રષ્ટાંતે દોહિલો દેહ પાયો, આર્ય ક્ષેત્ર ઉત્તમ કુળ આયો;
દેવ ગુરૂ ધર્મ યોગ દેખાયો, શુદ્ધ શરીરનું નૂર— દશા૦ ૧
પૂજ્યા ન જિનજી પ્રેમથી ચિત્ત લાવી, ગુરૂભક્તિને દીધી ગુમાવી;
શ્રુત આગમનો છે નહી ભાવી, દયાધર્મથી દૂર— દશા૦ ૨
પુન્ય ન કરવું પાલવે પણ એકે, પડીઓ પાપમાં પૂરી ટેકે;
અઢારેમાં ન છોડે એકે, નીચ એવો નિઠુર— દશા૦ ૩
મળે ના દેહ મનુષ્યનો વારે વારે, હીરો હાથ આવ્યો શીદ હારે;
જાય નાંખવા તું જળ ખારે, ઉલટું સુજી ઊર— દશા૦ ૪
જોગ મળ્યો આ જોઇ કરજે કમાણી, મળીઓ ટાણો તે લેજે માણી;
અંતે કર્મે જો રહી ઉઘરાણી, પડશે પસ્તાવું પૂર— દશા૦ ૫
સદ્ગુરૂ શીખને સાંભળી સુધરજે, દેવગુરૂ ભક્તિ દિલમાં ધરજે;
નીતિ ન્યાયે નગીન અનુસરજે, મોક્ષ મળ્યો ના દૂર— દશા૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દુર્જન સંગ નિષેધક કવિતા.

ભેખરે ઉતારો રાજા ભરથરી—એ રાગ.

દુર્જન સંગ નિવારીએ, કુડું કલંક દેનારજી;
કુસંગે સજ્જન નિજ ગુણ દહે, છંડો સમજુ નર નારજી- દુ૦ ૧
દુર્જન દુર્જનતાથકી, ને કપટથી કરેરે કમાનજી;
સજ્જન હૃદય છીનવી કરી, કરાવે અનીતિનું પાનજી- દુ૦ ૨
દુર્જન ચિત્ત માયા વસે, સરળપણું નવી હોયજી;
સજ્જન હૃદય ભોળું સદા, સ્વભાવે સર્વનું જોયજી- દુ૦ ૩
દુર્જન દુર્જનતા વશે, કર્મ કરેરે અઘોરજી;
સજ્જનનું શુભ ચિંતે નહિ, જેમ ફાંસીનો દોરજી- દુ૦ ૪
દુર્જન હૃદય જાઠે કરી, ભર્યું કંઠ ભરપૂરજી;
સત્ય વચનની રે આખડી, જાણે જણાય અસૂરજી- દુ૦ ૫
દુર્જન કીર્તિ કરછે નહીં, ભલપણ ચાહે ન છાંટજી;
ખોટા દિલાસે ભોળવી, આણે નિંદાને ઘાટજી- દુ૦ ૬
દુર્જન સંગ સંસારમાં, કરતાં જીવન ફોકજી;
સુંદરબાળ અનુભવે, કરશો તો ધરશો શોકજી- દુ૦ ૭

ભાઇલાલ સુંદરજી મહેતા. ઝીંઝુવાડા.

# વીરપ્રભુના જન્મ સમયનો અપૂર્વ આનંદ.

( રાગ—માલકોશ. )

આ શ્યો ? દિવ્ય પ્રભાવ, દીસે અહો ! આ શ્યો ? દિવ્ય પ્રભાવ.
પરભતિકા[1] રસ શોર મચાવે, મંગળ સમય સુહાય;
આમ્રમંજરી પરિમલતી કંઇ, મધુરા શી મલકાય,
દિસે અહો ! આ શ્યો ? દિવ્ય પ્રભાવ. ૧.
જડ ચેતનમય જગ ઉલ્લસંતુ, કળ્યું આ કંઈ ન કળાય;
અભિનવ વેશે રજનિ[2] લલના, શા ઉત્સવે ઉલ્લસાય,
દીસે અહો ! આ શ્યો ? દિવ્ય પ્રભાવ. ૨.
દિવ્ય સુરો દશ દિશામાં ગાજે, શ્રવણે અજબ સુણાય;
રસનો ઉદધિ જ્યાં ત્યાં ઉલટ્યો, મન આચરિજથી ભરાય,
દીસે અહો ! આ શ્યો ? દિવ્ય પ્રભાવ. ૩.

૧. કોયલ. ૨. રાત્રિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શી શોભા ગગનાંગણમાં ?, સુરનો મળ્યો સમુદાય;
અવનીપર ઉલ્લાસો આ શાથી ?, ધસમસ શી આ જણાય ?
દીસે અહો ! આ શ્યો ? દિવ્ય પ્રભાવ. ૪.
જગ ઉદ્ધારક જ્યોતિ કયો આ ? તિમિરની[૨] ભીતિ તજાય;
અહો!અહો!આ તો વીરપ્રભુ જન્મ્યા, જયજય! ધ્વનિ ઉચ્ચરાય,
દીસે અહો ! આ શ્યો ! દિવ્ય પ્રભાવ. ૫.

વિરાત્ ૨૪૪૯.
ભાદ્રપદ પ્રતિપદા જન્મોત્સવ.

ગોરધન વીરચંદ.
શિનોર—ધર્મમંદિર.

## ઉપરના કાવ્યનું વિવેચન.

જૈન સામાજિક પત્રોમાં 'પદ્ય' લખવાનો માર્ગ બહુ સુલભ છે. હકીકત તદ્દન સ્પષ્ટ છે. આપણે ત્યાં કવિ તરીકેના કોઇના હક અવગણાયલા નથી. કવિઓના સુભાગ્યે, તેમની કૃતિઓને ટીકાખોરોની દૃષ્ટિ અડકતી નથી. દુધજ તમારે પીવું છે ને ? તો પછી એ દુધ, સુવાવડી ગાયનું છે કે બાખડીનું ? વાશી છે કે પાણી ભેળવેલું ? એની તમારે શી જરૂર છે ? પારકાના પરમાણુ જેવડા ગુણને પર્વત જેવડા મહાન લેખી તેમના ઉપકારથી ઉપકૃત રહેવાનો સાધુગુણ વાચકવર્ગમાં કાયમ છે ત્યાંસુધી એ પદ્યલેખકોએ બ્હીવા જેવું નથી. પણ '**શાઠીનું સાહિત્ય**' નામનું ગુજરાતી નવા સાહિત્યની સમાલોચના કરતું જે પુસ્તક પ્રગટ થયું છે, અને તેમાં જૈન સાહિત્યનું પ્રકરણ લખાયું છે તેવુંજ એકાદ પુસ્તક તે પછીના કાળના સાહિત્યની ઐતિહાસિક સમાલોચના માટે લખાય અને તેમાં જૈન સાહિત્યના દરેક અંગની વિસ્તારથી નોંધ લેવાય તો આપણા કાવ્યસાહિત્ય માટે કેવો અભિપ્રાય પડે એ ભાવી ચિંતા અત્યારે પણ ચિંતવનમાં આવી મધુર—સુમધુર આનંદ ઉપજાવે છે !

મ્હારો આ પ્રયત્ન એમનાં દળમાં ઘુસવાનો મુદ્દલ નથી; છતાં પણ જો એવો ભાસ જણાય તો એવી જાતની ધૃષ્ટતા કરવા માટે મ્હને એ બંધુઓ ક્ષમા કરશે.

ઉપરના કાવ્યની પંક્તિ પડેલીમાં કોયલ બોલવાનું લખ્યું છે તો રાત્રીએ કોયલ બોલે ખરી ? કારણકે પ્રભુનો જન્મ તો રાત્રે થાય છે. આ પ્રશ્ન સાક્ષ-

૨. અજ્ઞાનરૂપ અંધકારની.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રશ્રી નરસિંહરાવે ' કુસુમ માળા ' નામે કાવ્ય સંગ્રહ બહાર પાડ્યો, ત્યારે તે-માંના ' મધ્ય રાત્રિએ કોયલ ' આ નામના કાવ્ય ઉપરથી ખુબ ચર્ચાયો છે. કાવ્ય-કાર પોતે અને અન્યોએ એ કોયલનો ટહુકાર રાત્રે સાંભળ્યો છે. એમ ખાત્રી-પૂર્વક કહે છે. આથી વસ્તુનિર્દેશ કૃત્રિમ નથી પણ કદાચ ભાવ કૃત્રિમ હોવાનો દોષ શિરપર આવશે. વર્ષાઋતુમાં વસંતના ભાવ આવે ખરા ! આ પ્રશ્ન સહૃદયી જનને ઉદ્ભભવ્યા સિવાય રહેશે નહિ તેથી એ વર્ગની સેવામાં બે બોલ રજુ કરવા ઠીક પડશે.

ખરી કવિતા પ્રેરણા સિવાય લખાતી નથી અને એ પ્રેરણા જ્યારે કલ્પ-નાના તરંગ ઉપર આરૂઢ થાય છે, ત્યારે ત્હેનું રમણિય રૂપ પ્રગટ થાય છે. કવિહૃદય એજ વસ્તુમાં રમણિયતા ભરવા માટે બસ છે. એ હૃદયજ કાવ્યશરીરના સ્થૂળ દેહમાં આત્માને સ્થાને છે. બાહ્ય પ્રસંગોનો હૃદય સાથે સન્નિકર્ષ થતાં કલ્પના જાગ્રત થાય છે અને તે પછી કાવ્યશરીરનું અંગ ઘડાય છે; ઘણી ખરી કવિતા આ રીતેજ ઉત્પન્ન થાય છે.

જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર ચૈત્ર શુદિ તેરશે જન્મેલા પણ શ્વેતાંબર મૂર્તિ-પૂજક વર્ગમાં એ જન્મોત્સવ ભાદરવા શુદિ પડવાના રોજ પર્યુષણના દિવસોમાં ઉજવાય છે. આમ શાથી થાય છે ? અને કયારથી થાય છે ? આ પ્રશ્ન ઇતિ-હાસનો છે એટલે અહીં ચર્ચવો યોગ્ય નથી. અહીં એનું ઉલ્લેખન, કાવ્યનો ભાવ અને સમય એને સંબંધ જોડી આપવા પૂરતું જ છે. ભાદ્રપદ પ્રતિપદાએ જે હર્ષાનંદ રેલાય છે એ રેલ સર્વ હૃદયો ઉપર ફરી વળી કેટલાંક ફળદ્રૂપ હૃદયો-માંના ભૂતપૂર્વ બીજોને અંકુરિત કરે છે. એ રીતે પૂર્વ સ્મરણો સ્મરણમાં આવી જુના ભાવોનું પ્રગટન થાય છે. આટલા પૂરતાજ પ્રસ્તુત કાવ્યમાંના આળેખેલા ભાવો સાચા છે, કેવળ કાલ્પનિક નથી, એ સુજ્ઞોને સમજાવવું પડે એમ નથી.

તીર્થંકર જન્મે છે ત્યારે ત્રણે લોકમાં અલ્પ સમય ઉદ્યોત થાય છે અને જીવ માત્રને દુ:ખથી મુક્ત થઇ સુખાનંદ પ્રાપ્ત થાય છે. નરકના જીવો જેઓને દુ:ખાનુભવ સિવાય અન્ય કશાનું વેદન નથી તેઓને પણ આ મંગળસમયનું સંગળવેદન સુલભ છે, તો પછી પદાર્થ માત્રમાંથી દિવ્યાનંદની સુધા ઝરતી જણાય એ અશક્ય નથી. આખા કાવ્યમાં આ ભાવ પ્રધાન અંશે બિરાજે છે એ ખુલ્લું છે. જેની ઉપડતી છાયા કેટલાક બીજામાં અધિકાંશે પ્રતિત થાય છે.

માત્ર જરૂર પૂરતો ખુલાસો કરવાનો પ્રયત્ન કર્યો છે; બાકી કાવ્યની વસ્તુ એવી દુર્ઘટ નથી કે તેની ઉપર લાંબી ટીકા કે વિવેચનની જરૂર પડે; જે પ્ર-સંગને લઇને વિશ્વરૂપ પદાર્થમાં ચમત્કાર લાગ્યો છે તેનું ચમત્કાર દૃષ્ટિએ આલેખન માત્ર કર્યું છે.

લેખક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મોપદેશ–સૂક્તવચન.

(પુરાતન આચાર્ય પ્રણીત-અનુવાદિત.)

૧ ત્રિભુવનગુરૂ શ્રી વીરપ્રભુને પ્રણમી યત્નથી સંગ્રહ કરી સદા ઉપકારક થાય તેવા કેટલાક સૂક્ત વચનો સ્વપરના હિત–અભ્યાસ માટે લખવામાં આવે છે.

૨ પૂજ્ય જનોની પૂજા–ભક્તિ, દયા, દાન, તીર્થયાત્રા, જપ, તપ, જ્ઞાન–અભ્યાસ અને પરોપકાર એ મનુષ્યજન્મ પામ્યાનાં આઠ ફળ છે.

૩ ઉત્તમ–સંગતિ, શાસ્ત્ર–પ્રીતિ, શુભ ધ્યાન–ચિન્તા, સંતોષવૃત્તિ, દાન–શક્તિ, અને ગુરૂ–ભક્તિ એ છ સુકૃતના ભંડાર છે.

૪ દેવપૂજા, સુગુરૂ સેવા, જ્ઞાન–ધ્યાન, સંયમ, તપ અને દાન એ ષટ્કર્મ ગૃહસ્થજનોએ દિને દિને આચરવાનાં છે. એ વગર ગયેલો દિવસ અફળ લેખવો યોગ્ય છે.

૫ જિનપૂજા, વિવેક, સત્ય, પ્રમાણિકતા અને સુપાત્રદાન એ બધો શ્રાવકપણાનો બહુ શોભીતો શણગાર છે. એથીજ શ્રાવકધર્મ શોભી નીકળે છે–દીપે છે.

૬ વીતરાગ–સર્વજ્ઞની સેવા, સર્વજ્ઞકથિત સિદ્ધાન્ત અભ્યાસવા પરિશ્રમ, અને સંત–સાધુજનોનો આદર–સત્કાર એ જીવિતવ્યના ફળરૂપ છે. એવાં સત્કર્મથી જીવન સફળ–સાર્થક થઇ શકે છે.

૭ સુપાત્રે દાન, નિર્મળ શિયળ, વિચિત્ર તપ, અને શુભ ભાવના, એ ચાર પ્રકારનો ધર્મ સંસારસમુદ્રથી પાર ઉતારવા પ્રવહણ તુલ્ય છે એમ મુનિઓ વખાણે છે.

૮ ઉત્તમ જનો શ્રી જિનેશ્વરને નમન કરી નિજ મસ્તકને પવિત્ર કરે છે, સદ્‌વિવેક ધારી હૃદયને પવિત્ર કરે છે, સુગુરૂનો ઉપદેશ સાંભળી શ્રોત્રને પવિત્ર કરે છે, અને દાન આપી હસ્તને પવિત્ર કરે છે.

૯ પ્રગટ પ્રભાવી જૈનધર્મ, સાધુસંગતિ, વિદ્વાનની ગોષ્ટી, વચનચાતુરી, સતક્રિયામાં કુશળતા, ન્યાયલક્ષ્મી, સદ્‌ગુરૂની ચરણ સેવા, શુદ્ધ શિયલ અને પવિત્ર મતિ એ સઘળાં ભાગ્યશાળીઓનેજ પ્રાપ્ત થાય છે.

૧૦ જિનમંદિર, જિનપ્રતિમા, જિનપૂજા, અને જિનધર્મની સેવા જે કરે છે, તેને નર, દેવ, અને મોક્ષનાં સુખ સહેજે મળે છે.

૧૧ હિતાહિત તત્વનો વિચાર કરવો એ બુદ્ધિનું ફળ છે. હિત આચરણ કરવું અને ઉત્તમ વ્રત નિયમ પાળવા એ દેહ પામ્યાનો સાર છે. સુપાત્ર દાન દેવું તે લક્ષ્મી પામ્યાનું ફળ છે અને પ્રીતિકારી વચન બોલવાં એ વાચા–જીભ પામ્યાનું ફળ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨ જિનેંદ્રપૂજા, ગુરૂભક્તિ, જીવદયા, સુપાત્રદાન, ગુણાનુરાગ, અને આગમશ્રવણ એ સઘળાં મનુષ્યજન્મરૂપી વૃક્ષનાં ફળ છે.

૧૩ હાથે રૂડું દાન (ભલો ત્યાગ), મસ્તકે ગુરૂને પ્રણામ, મુખે સત્ય વાણી, કાને સતશાસ્ત્રશ્રવણ, હૃદયે સ્વચ્છ વૃત્તિ, અને ભુજામાં ખરૂં પુરુષાતન-અહો ! એ બધાં ઐશ્વર્ય વગર પણ ઉદાર દિલવાળાઓનાં અમૂલ્ય ભૂષણો છે.

૧૪ જેને યોગાભ્યાસરૂપી પિતા, વિષયવિરક્તતારૂપી માતા, વિવેકરૂપી સૌન્દર્ય, નિઃસ્પૃહતારૂપી ભગિની (બ્હેન), સમતા-ક્ષમારૂપી પ્રિયા-સ્ત્રી, વિનયરૂપી પુત્ર, ઉપકારરૂપ પ્રિય મિત્ર, વૈરાગ્યરૂપ સહાયક અને ઉપશમરૂપ ઘર હોય તે સદા સુખી છે.

૧૫ જેને ધૈર્યરૂપી પિતા, ક્ષમારૂપી માતા, મનોનિગ્રહરૂપી ભાઈ, સત્યરૂપી પુત્ર, દયારૂપી પુત્રી, શાન્તિરૂપી ગૃહિણી, ભૂમિરૂપી શય્યા, દિશારૂપી વસ્ત્ર અને જ્ઞાનામૃતરૂપી ભોજનપ્રાપ્તિ-એ રીતે અંતરંગ કુટુંબ પ્રાપ્ત હોય તેવા પ્રાણીને હે ભાઇ ! શું દુઃખ હોય ?

૧૬ જીવદયા, જિનધર્મ, શ્રાવક કુળમાં જન્મ અને ગુરૂભક્તિ-એ ચારે રત્ન પુણ્ય વગર પામી ન શકાય-પુણ્યશાળી જીવોનેજ તે પ્રાપ્ત થઈ શકે છે.

૧૭ જે આપણને પોતાને પ્રતિકૂળ-દુઃખરૂપ લાગે તે બીજાને પણ લાગે એમ સમજી કોઇને કશી પ્રતિકૂળતા ઉપજાવવી નહીં. કારણ કે દયા-અનુકંપા એજ ધર્મનું મૂળ છે.

૧૮ ઉપશમ-સમતાવડે ક્રોધ-કષાયને ટાળવો, મૃદુતાવડે માન-અહંકારને ગાળવો, તેમજ સરલતાવડે માયાને અને સંતોષવડે લોભને જીતવા જરૂર પ્રયત્ન કરવો.

૧૯ સજ્જનસંગતિ કરવાની વાંછા, પરગુણ ગ્રહણ કરવામાં પ્રીતિ, ગુરૂપ્રત્યે નમ્રતા, વિદ્યામાં આતુરતા, સ્વસ્ત્રીમાં રતિ, લોકાપવાદથી ભય, અરિહંતમાં ભક્તિ, આત્મનિગ્રહમાં શક્તિ અને ખળમાં ઉપેક્ષા એ નિર્મળ ગુણો જેમનામાં વાસ કરી રહ્યા હોય તેમનાથીજ આ ભૂમિ ભૂષિત લેખાય છે.

૨૦ જિનેન્દ્રની પૂજા, વ્રતોમાં રૂચિ, સામાયિક પૌષધમાં આદર, સુપાત્રે દાન, સુતીર્થનો આશ્રય, અને સુસાધુની સેવા-એ મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે.

૨૧ જ્યાં વિષયથી વૈરાગ્ય, ક્રોધાદિ કષાયનો ત્યાગ, ગુણોને વિષે અનુરાગ અને ક્રિયા કરવામાં-ધર્મસાધનમાં અપ્રમાદ-સાવધાનતા એજ મોક્ષના ઉપાયભૂત ધર્મ છે. ઇતિશમ.

સન્મિત્ર કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સૂક્ત–ઉપદેશ વચનો. (અનુવાદિત)

—:☙○❧:—

૧ સંતોષજનિત સુખ, ઇન્દ્રિયોનું દમન, ચિત્તની શાન્તતા, દીન–હીન પ્રત્યે દયાળુતા, સત્યામૃતને ઝરતી વાણી, શૌર્ય, ધૈર્ય, દુષ્ટ જનોની સંગતિનો ત્યાગ અને સજ્જનોનો સહવાસ–એ સઘળાં ભારે સુંદર પરિણામ લાવનાર વિવેક–અંકુરો બહુ ભારે યત્નથી પોષવા યોગ્ય છે.

૨ હે સજ્જનો ! ત્રિકાળ વીતરાગ દેવની અર્ચા–પૂજા પ્રેમપૂર્વક કરો, પરોપકારી કાર્યો કરી પુષ્કળ યશનો સંચય કરો, સારા પાત્રમાં ( ક્ષેત્રમાં ) લક્ષ્મી વાપરો, ન્યાયમાર્ગમાં મનને દોરી લાવો, કામક્રોધાદિક દુશ્મનોનું દલન કરો, પ્રાણીવર્ગ ઉપર અનુકંપા રાખો, જિનોક્ત સિદ્ધાન્ત સાંભળો અને શીઘ્ર મોક્ષ લક્ષ્મી વરો !

૩ રૂડાં ધર્મ–આચરણ કરનારને દિને દિને સુશોભિત મંગળમાળા, સુંદર સંપદા અને સુખની પરંપરા પ્રાપ્ત થાય છે; તેમજ તેને ઇષ્ટાર્થ સિદ્ધિ, વિશાળ–ઉદાર બુદ્ધિ અને સર્વત્ર જય મળે છે.

૪ ધર્મસિદ્ધિ થતાં ધન–સુવર્ણની સિદ્ધિ પણ નિશ્ચે થઇ શકે છે. દુધ પ્રાપ્ત થતાં દહીં અને ઘીની પ્રાપ્તિ સુલભજ હોય છે.

૫ સન્માર્ગના અર્થી શ્રાવક ભાઇબ્હેનોએ હર્ષોલ્લાસ સાથે પ્રતિદિન જિનવંદન ( પૂજન–સ્તવનાદિક ) કરવું, ઉત્તમ ચારિત્રવાળા અને ધૈર્યથી વિભૂષિત સાધુજનોનું સદાય સેવન કરવું, મિથ્યાત્વનો નાશ કરે એવાં જિનવચનો વારંવાર સાંભળવાં, તેમજ દાનાદિક ધર્મના આચરણમાં અને અહિંસાદિ વ્રતનાં પાલનમાં કાયમ પ્રીતિ રાખવી.

૬ જીવ રક્ષા (અનુકંપા), પ્રભુ પૂજા–ભક્તિ, વિનય–બહુમાનથી શાસ્ત્ર શ્રવણ, સંત–સાધુઓને નમન, મદ ત્યાગ, સુગુરૂનો સારી રીતે સત્કાર, માયા–કપટનો સર્વથા ત્યાગ, ક્રોધનું ઉપશમન, લોભ–તૃષ્ણાનો નાશ, મનના મેલ-વિકારનું સંશોધન, અને ઇન્દ્રિયોનું દમન–એ મોક્ષ મેળવવાના ઉપાય છે.

૭ જેના હૃદયમાં સર્વજ્ઞ વીતરાગ વસે અને જેની જીભમાં તેમના ગુણો આવીને વસે, કાયાવડે યથાશક્તિ વ્રતનું પાલન, ધર્મ–સાધનમાં અપ્રમાદ, સરસ બોધ, પંડિતજનોની પ્રશંસા, સાધુજનો ઉપર પ્રેમ, પંડિતજનો ઉપર બંધુભાવ અને જૈનશાસન ઉપર દ્રઢ રાગ–આવા આવા ભવદુઃખને વારનારા સદ્‌ગુણો જેમનામાં હોય તે શ્રાવકોને ભાગ્યશાળી જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ ત્રિકાળ જિન-પૂજન (પ્રતિદિન), સંઘ સાધર્મિ જનોની ભક્તિ, યથા-વિધિ જ્ઞાન-ધ્યાન, ગુરૂ સેવા, દાન તથા સામાયિક પ્રતિક્રમણાદિ આવશ્યક કર્મ કરવું, યથાશક્તિ વ્રતનું પાલન, ઉત્તમ તપ અને જ્ઞાનનું પઠન-પાઠન-એ રીતનો શ્રેષ્ઠ શ્રાવકઉચિત ધર્મ જિનેંદ્રાગમમાં પ્રકાશ્યો છે.

૯ દાન અને વિવેકના સુયોગવાળી લક્ષ્મી, શુદ્ધ શ્રદ્ધાવાળું મન, શીલ-સદાચાર સાથે મીઠી વાણીનો વિલાસ અને પરોપકાર સાથે વ્યાપાર-વ્યવસાય પૂર્વ પુણ્યયોગેજ પમાય છે. ઇતિશમ્. ( મુનિરાજ કર્પૂરવિજયજી. )

---

# प्रश्नोत्तर.

{ પ્રશ્નકર્ત્તા-વહોરા વાડીલાલ પુરૂષોત્તમ—વીરમગામ. }
{ ઉત્તરદાતા-મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી. }

પ્રશ્ન ૧—નમસ્કાર મંત્ર ક્યારે ગણવો ?

ઉત્તર—મન સ્થિર હોય ને સ્થિર રહે ત્યારે ગમે તે સમયે પ્રસન્નતાપૂર્વક ગણવો.

પ્રશ્ન ૨—તે વખતે વસ્ત્ર કેવા રંગના ને કેટલા પહેરવા ?

ઉત્તર—બનતા સુધી એકજ વસ્ત્ર પહેરવું, ન ચાલે તો એક વસ્ત્ર ઓઢવું, પણ તે વસ્ત્ર શ્વેત અને શુદ્ધ, નિર્દોષ, સાદા ને પવિત્ર હોવા જોઇએ.

પ્રશ્ન ૩—નિયમિત ગણનારે ક્યા વખતે ગણવો ?

ઉત્તર—સાંજ સવાર ને મધ્યાન્હ ત્રણ સંધ્યાએ ગણવો. પછી જે વખત અનુકૂળતા હોય તે વખત ગણવો.

પ્રશ્ન ૪—કમળાસન કેવી રીતે કરવું ?

ઉત્તર—તેને માટે યોગશાસ્ત્ર વિગેરે જુઓ. અને ધ્યાનના વિષયમાં ખાસ નિષ્ણાત-કુશળ ગણાતા સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાનો સાક્ષાત્ સમાગમ કરીને તે સંબંધી વિશેષ માહિતી મેળવીને કરો.

પ્રશ્ન ૫—નવકાર નવકારવાળીથી ગણવા, હાથથી ગણવા કે કેવી રીતે ગણવા ?

ઉત્તર—બનતા સુધી સુત્રની નવકારવાળીથી અંગુઠા ઉપર રાખીને તેની પાસેની તર્જની આંગળીવડે ગણવા. આ સંબંધી વિશેષ ઉલ્લેખ હિતશિક્ષાના રાસમાંથી જોઇ લેવો.

પ્રશ્ન ૬—યોગમુદ્રા શી રીતે કરી શકાય !

ઉત્તર—યોગમુદ્રા હાથને માટેજ છે. અન્યોન્ય આંતરે આંગળીઓ રાખીને કમળના ડોડાને આકારે બે હાથ ભેળા રાખવા ને બંને કોણી પેટ ઉપર રાખવી—એને યોગમુદ્રા કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન ૭—કઇ દિશાની સન્મુખ રહીને ગણવો ?

ઉત્તર—બનતા સુધી પૂર્વ ને ઉત્તરની સન્મુખ રહીને ગણવો. ઉપરાંત અનુકૂળતા પ્રમાણે કોઇ પણ દિશા સામે બેસીને ગણવો.

પ્રશ્ન ૮—એ મંત્ર ઉચ્ચાર કરીને ગણવો કે મૌનપણે ગણવો ?

ઉત્તર—કોઇ પણ મંત્રનો જાપ મૌનપણેજ કરાય છે. તે પ્રમાણે આનો લાંબો જાપ તો મૌનપણેજ કરો. બાકી કાગિત મોઢે બોલીને પણ મંત્રપાઠ થઇ શકે.

પ્રશ્ન ૯—એ મંત્રનો જાપ કરતી વખતે સામે સ્થાપના હોવી જોઇએ કે નહિ ?

ઉત્તર—આલંબન તરીકે સામે પ્રભુની પ્રતિમા અથવા ગુરૂમહારાજની છબી કે પ્રતિમા હોય તો વધારે યોગ્ય છે. એ શુભ ધ્યાનમાં સહાયકારક છે.

પ્રશ્ન ૧૦—નવકારના નવ પદ ગણવા ? પાંચ પદ ગણવા ? ૐ ગણવો ? કે અસિઆઉસાનો જાપ કરવો ?

ઉત્તર—નવકાર ગણવો તો તેના નવ પદ ગણવા. ૐકારનો જાપ તો અમુક કાર્યને ઉદ્દેશીનેજ થાય છે. અસિઆઉસા ગણવામાં ચિત્ત ઠરતું હોય તો તેનો જાપ કરવો. ખાસ કરીને ચિત્ત ઠરે તે જપવું

પ્રશ્ન ૧૧—નંદાવર્ત, શંખાવર્ત વિગેરે જાપ શી રીતે થાય ?

ઉત્તર—એ બાબત તપવિધિ, યોગશાસ્ત્રાદિ જોવા, અનુભવીને પૂછવું, એ બાબત લખવાથી બરાબર સમજાય તેવી નથી.

આ સંબંધમાં પં. કેશરવિજયજી કૃત યોગશાસ્ત્ર ભાષાંતર, હિતશિક્ષાનો રાસ, જ્ઞાનાર્ણવ, સ્વરોદયજ્ઞાનની બુકમાં ધ્યાનમાળા છે તે વાંચવાનું લક્ષ્યમાં રાખવું. જાપ ને ધ્યાનના અભ્યાસીને રૂબરૂ મળી અનુભવ પૂછવો. યોગશાસ્ત્રના પાંચમાથી ૧૨મા સુધીના પ્રકાશો ખાસ વાંચવા.

## પ્રશ્નોત્તર.

( પ્રશ્નકર્તા-શા. ડાહ્યાભાઇ મોતીચંદ-બોરપાડ )

પ્રશ્ન ૧—સ્થાપનાચાર્ય મુનિઓ વિગેરે જે રાખે છે તે શું પદાર્થ છે ? તેની ઉપર નીચે શું મૂકવામાં આવે છે ?

ઉત્તર—સ્થાપનાચાર્યનું બીજું નામ અક્ષ છે. તે સમુદ્રમાંથી નીકળે છે, તેને સ્થાપનાચાર્ય તરીકે-આચાર્યની-ગુરૂમહારાજની સ્થાપના તરીકે પૂર્વપુરૂષોથી રાખવામાં આવે છે. કોઇ પણ વસ્તુમાં અન્ય વસ્તુનું આરોપણ કરવું તેનું નામજ સ્થાપના નિક્ષેપો છે. તેની ઉપર ને નીચે તેને સરખી રીતે સાચવી રાખવાને માટે અને તેને પડિલેહવા માટે મુહપત્તિઓ રાખવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન ૨—સ્થાપનાચાર્યની નીચે રાખવામાં આવે છે તે ઠવણી શું છે ?

ઉત્તર—ઠવણી એ સ્થાપનાચાર્યને જમીનથી અધર રાખવાનું ઉપગરણ છે. ઘણા વર્ષોથી એ વપરાય છે.

પ્રશ્ન ૩—ઉપધાનની ક્રિયા શેના આરાધન માટે કરવામાં આવે છે ?

ઉત્તર—ઉપધાનની ક્રિયા નમસ્કાર મહામંત્રાદિ સુત્રોના વિધિપૂર્વક ગ્રહણને માટે કરવામાં આવે છે. શ્રાવકને માટે તે અવશ્ય કરવાની કહેલ છે. તેનું વિશેષ વર્ણન ઉપધાન વિધિ વિગેરેથી જાણવું

પ્રશ્ન ૪—ઉજમણું એટલે શું ? તે કરવાથી શું લાભ થાય છે ? અને તે ક્રિયા આધુનિક છે કે પ્રાચીન છે ?

ઉત્તર—ઉજમણાનું સંસ્કૃત નામ ઉદ્યાપન છે. કોઇપણ વ્રત કરેલ હોય તેની પૂર્ણાહુતિમાં તે વ્રતને ઉજ્વળ કરવા–શોભાવવા માટે તે કરવામાં આવે છે. જ્ઞાનપંચમી વિગેરે દરેક તપની પ્રાંતે કરવામાં આવે છે. તે કરવાથી આરાધેલા વ્રતની પુષ્ટિ થાય છે. એ પ્રથા નવી નથી પણ પ્રાચીન છે. શ્રીપાળરાજાએ પણ નવપદના આરાધન માટે કરેલા આયંબિલતપનું ઉજમણું કરેલ છે.

પ્રશ્ન ૫—ઉજમણામાં હાલ ધાતુની નવી પ્રતિમાઓ તથા સિદ્ધચક્રના ગટાઓ કરાવીને મૂકવામાં આવે છે તે જરૂરના છે ? તેનું પૂજન, તેની રીતસર અંજન શલાકા કે પ્રતિષ્ઠા કરાવ્યા શિવાય થઈ શકે ? તે મૂકયા વિના ચાલે કે નહીં ?

ઉત્તર–શક્તિવાન્ દ્રવ્યવાન્ ગૃહસ્થો ઉજમણામાં નવી પ્રતિમાઓ અને સિદ્ધ-ચક્રના ગટાઓ કરાવીને મૂકે છે તે યોગ્ય છે, પરંતુ હાલ તેની સંખ્યા બહુ વધી ગએલી જણાય છે તો તેવા પ્રસંગે વિચાર કરવા યોગ્ય છે. તેનો અના-દર ન થાય એ વાત ધ્યાનમાં રાખવાની છે. તેને પૂજનિક કરવા માટે રીતસરના વિધિ વિધાનની ખાસ આવશ્યકતા છે; તે વિના પૂજનીક ન થાય. તે મુકયા વિના ઉજમણું ન થાય એમ નથી.

પ્રશ્ન ૬—જૈનધર્મમાં પૃથ્વીનો આકાર કેવો કહેવામાં આવ્યો છે ? અને તેનું વર્ણન કયા શાસ્ત્રમાંથી ઉપલબ્ધ થાય તેમ છે ?

ઉત્તર—જૈનધર્મમાં આ પૃથ્વીનો આકાર થાળી જેવો ગોળ કહેવામાં આવેલ છે. તેને માટે ક્ષેત્રસમાસ, લોકપ્રકાશ (ક્ષેત્રલોક) વિગરે અનેક ગ્રંથોમાં ઘણું વિસ્તારથી વર્ણન છે.

પ્રશ્ન ૭—જૈનધર્મમાં સૂર્યને ફરતો માન્યો છે કે પૃથ્વીને ફરતી માની છે ? અને સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે ? આ બાબત કયા શાસ્ત્રમાંથી સારી રીતે હકીકત મળી શકે તેમ છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—જૈનધર્મમાં સૂર્યને ફરતો માનેલ છે. ચંદ્રને પણ ફરતો માનેલ છે. અઢીદ્વીપની અંદર રહેલા સૂર્ય ચંદ્ર તેની નિર્માણ થયેલી ગતિ પ્રમાણે તેના નિર્ણિત માર્ગો ઉપર ગોળ ફર્યા કરે છે. પૃથ્વીની આસપાસ ફરતા નથી; પણ પૃથ્વીની ઉપરના ભાગમાં અમુક યોજને તેઓના વિમાન છે, તે વિમાનો સરખી રીતે ગોળ ફર્યા કરે છે. પૃથ્વીને તો સ્થિરજ માનેલી છે. આ સંબંધી વિશેષ હકીકત ઉપર જણાવેલા ગ્રંથોમાં તેમજ જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ વિગેરે સૂત્રોમાં પણ ઘણા વિસ્તારથી બતાવવામાં આવેલ છે, તે ખાસ જાણવા યોગ્ય છે.

પ્રશ્ન ૮—દરિયાના પાણીમાં ભરતી ઓટ થાય છે, તે શાથી થાય છે? તેનું સ્વરૂપ શેમાં બતાવેલું છે?

ઉત્તર—દરીઆના પાણીમાં ભરતી ઓટ થાય છે તે લવણસમુદ્રમાં રહેલા, ચાર પાતાળ કળશાની અંદર રહેલો વાયુ નિયમિત રીતે ઉછળે છે, તેને આધારે થયા કરે છે. આ સંબંધમાં ક્ષેત્રસમાસાદિકમાં તેનું સ્વરૂપ બતાવેલું છે. વિશેષ માહિતી તે વિષયના જ્ઞાતા પાસેથી મેળવવી.

પ્રશ્ન ૯—ચંદ્રમાની શુદિમાં ને વદિમાં હાનિ વૃદ્ધિ થાય છે, તેનું કારણ જૈનશાસ્ત્રમાં શું બતાવ્યું છે?

ઉત્તર—ચંદ્રના વિમાનની નીચેના ભાગમાં નિત્યરાહુનું વિમાન માત્ર ચાર અંગુળ નીચેજ કાયમ ચાલે છે. તે શુદિમાં ચંદ્રની બે બે કળા છોડતું આવે છે, એટલે પાછું રહે છે તેથી તેટલો ચંદ્ર દેખાય છે, ને વધતો વધતો દેખાતો જાય છે. વદિમાં તે રાહુ ચંદ્રની બબે કળા વધારે વધારે રોકતો જાય છે તેથી તેટલો ચંદ્ર ઓછો ઓછો દેખાતો જાય છે. ચંદ્ર અને નિત્યરાહુ તે બંને ગ્રહોના વિમાનોની ગોઠવણ કુદરતી રીતે તેમ થયેલ છે. આ પ્રમાણે જૈનશાસ્ત્રમાં કથન છે. નિત્યરાહુની ગતિ તે પ્રમાણે વર્ણવેલી છે.

પ્રશ્ન ૧૦—સૂર્યગ્રહણ ને ચંદ્રગ્રહણ વખતે વૈષ્ણવો ખાતા પીતા નથી, જૈનો તેનો બાધ ગણતા નથી, તો એ અશુભ સમયે ખાવું પીવું કે ધર્મક્રિયા કરવી યોગ્ય છે?

ઉત્તર—ગ્રહણ સમય લૌકિક રીતિએ અશુભ ગણાય છે, તેમજ જૈનોએ પણ તે વખતે સૂત્ર સિદ્ધાંતના પઠન પાઠનનો તેમજ કેટલીક ધર્મક્રિયા કરવાનો નિષેધ કરેલો છે. ચરાચર જગત ઉપર તેની માઠી અસર થતી હોવાથી તે વખત અમુક પ્રહર સુધી અસઝાયીનો કાળ કહેલો છે, તે વખતે ખાવું પીવું તે ઘટિત નથી. પરમાત્મસ્વરૂપના ચિંતવન માટે તે વખત અનુકૂળ ગણાય છે.

પ્રશ્ન ૧૧—જૈનદૃષ્ટિએ સૂર્યગ્રહણ ને ચંદ્રગ્રહણ શાથી થાય છે?

ઉત્તર—સૂર્ય ને ચંદ્રની નીચે ફરનાર પર્વરાહુનું વિમાન છે. તે શ્યામ વર્ણવાળું છે અને અમુક વખતે તે સૂર્યની અથવા ચંદ્રની નીચે આવે છે, તેથી સૂર્ય ને ચંદ્રની પ્રભા ઢંકાય છે. તે (પર્વ] ગ્રહણ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન ૧૨–કાળ વખતે વ્યાખ્યાન વંચાય નહિ, સૂત્ર વાંચના લેવાયનહિ ઇત્યાદિ નિષેધ કરવામાં આવેલ છે તેનું શું કારણ ? અને કાળ વખત કયા કહેવાય છે ?

ઉત્તર–કાળ વખત પ્રભાત, મધ્યાન્હ ને સાંજ એ ત્રણ વખત બે બે ઘડી પ્રમાણ કહેવાય છે. તે વખતે પ્રતિક્રમણાદિ કેટલીક ક્રિયા કરી શકાય છે. બાકી સૂત્ર વ્યાખ્યાન ને સૂત્ર વાંચના વિગેરેને માટે તે વખત અયોગ્ય ગણ્યો છે તેથી તે કરવામાં આવતું નથી.

પ્રશ્ન ૧૩–આપણા જૈનોથી વિલાયતથી આવતા બીસ્કુટ, ચોકોલેટ તથા દુધના અને મુરબ્બાના ડબાઓ વાપરી શકાય કે નહીં ?

ઉત્તર–એ વસ્તુઓ ન વાપરવાના અનેક કારણો છે, તેથી અણજાણ્યો તેવો કોઈપણ પદાર્થ બનતા સુધી નજ વાપરવો એ યોગ્ય છે. અન્યથા નિઃશુક પરિણામે તેવી ચીજો વાપરતાં ધર્મમર્યાદા જળવાતી નથી. તેથી જાણીતી અને શુદ્ધ વસ્તુથીજ નિર્વાહ કરી લેવો યોગ્ય છે. વળી વખત પાકી જવાથી આ વસ્તુઓમાં સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થઈ જવાનો પણ સંભવ છે, તેથી પણ તે વાપરવા યોગ્ય નથી.

પ્રશ્ન ૧૪–જૈનધર્મની દૃષ્ટિએ ભૂત, પલીત, ડાકણ વિગેરેની હૈયાતી માનવા યોગ્ય છે ? અને તે વળગે છે એ વાત ખરી છે ?

ઉત્તર–જૈનશાસ્ત્ર ભૂત પિશાચ તેમજ ડાકીણી વિગેરેનો વ્યંતર જાતિના દેવોમાં સમાવેશ કરે છે. તેઓ મનુષ્ય લોકમાં આવીને ઉપદ્રવ કરે છે. વખતપર કોઇના શરીરમાં પણ પ્રવેશ કરે છે. બાકી સર્વત્ર એ પ્રકાર માની શકાય તેમ નથી. વાયુપ્રકોપના કારણથી પણ કેટલીક તેવી ચેષ્ટાઓ થઇ શકે છે.

પ્રશ્ન ૧૫–ભર્ત્તારવાળી સધવા સ્ત્રીને અથવા ભર્ત્તારવિનાની વિધવા સ્ત્રીને જિનપૂજા કરવામાં કાંઇ બાધ છે ?

ઉત્તર—બંને પ્રકારની સ્ત્રીઓ શરીરશુદ્ધ કરીને પરમાત્માની પૂજા એક સરખી રીતે કરી શકે છે.

પ્રશ્ન ૧૬–કલ્પવૃક્ષ એ ખરેખરૂં વૃક્ષ છે કે એ કાલ્પનિક ઉપમાવાચક શબ્દ છે ? અને એ વૃક્ષ કયારે હોય છે ?

ઉત્તર–કલ્પવૃક્ષ એ વૃક્ષજ છે, પરંતુ તેમાં કેટલાક વૃક્ષ દેવાધિષ્ટિત હોય છે. એ વૃક્ષ સ્વભાવિક રીતેજ તેની નીચે બેસીને વાંચ્છા કરનારની વાંચ્છા પૂરે છે, તેમજ તેની ઉપર રહેલા દેવો પણ વાંચ્છિત પૂરે છે. જુગળીઆના ક્ષેત્રોમાં એ વૃક્ષો કાયમ હોય છે. તેના દશ પ્રકાર છે. તે દરેક જુદી જુદી જાતની વાંચ્છા પૂરે છે. આ ભરતક્ષેત્રમાં પણ જ્યારે જુગળીઆ હતા ત્યારે કલ્પવૃક્ષો હતા. તેના અભાવે કલ્પવૃક્ષનો પણ અભાવ થયેલો છે.

પ્રશ્ન ૧૮–પરદેશથી આવતી અનેક પ્રકારની વસ્તુઓ ઉપર એ દેશના મહાન્ પુરૂષોના ચિત્રો છાપો વિગેરે હોય છે. તે પ્રમાણે આપણા તીર્થંકરો કે મહાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષોના ચિત્રો આપવામાં આવે કે તેમની છાપ કરાવીને ચોડાવવામાં આવે તો તે યોગ્ય છે કે તેમાં આશાતનાનું કારણ છે?

ઉત્તર–તીર્થંકરો કે એવા ત્યાગી મહાપુરૂષોની જ્યાં ત્યાં કે જેમ તેમ છાપો કરાવવી કે તેના ચિત્રો આપવા તે તો અનાદર અને આશાતનાનું કારણ છે. બીજા કોઈ ઉદાર કે ગુણવાન ગૃહસ્થની છાપ કે ચિત્ર હોય તો તેમાં આશાતનાનું કારણ સંભવતું નથી.

પ્રશ્ન ૧૯–જૈનધર્મના આખ્યાનો કે કથાઓ અનુસાર આધુનિક જમાનાને અનુસરીને તેવા નાટ્યપ્રયોગો કરવામાં આવે તો તેમાં કાંઈ શાસ્ત્રનો બાધ છે?

ઉત્તર–અમારા વિચાર પ્રમાણે એમાં બે પ્રકાર પડી શકે. તીર્થંકરાદિકના નાટ્યપ્રયોગો નજ થવા જોઈએ. બાકી કોઇ સતી સ્ત્રીઓના કે ઉદાર થઇ ગયેલા ગૃહસ્થના કે શૂરવીર રાજાઓ વિગેરેના કરવામાં આવે તો તેમાં બાધ જેવું લાગતું નથી.

પ્રશ્ન ૨૦–ચાતુર્માસને અંતે સાધુઓને ગૃહસ્થો પોતાને ઘરે ચોમાસું બદલાવે છે તે વાસ્તવિક છે?

ઉત્તર–પોતાને ઘરે એવી જૂદી સગવડ હોય કે જ્યાં મુનિને સ્ત્રીયાદિકનો પરિચય થાય તેવું ન હોય તો પોતાને ત્યાં ચોમાસું બદલાવવું યોગ્ય છે. તે શિવાય તો ચોમાસું બદલાવવામાં બીજી ઘણી રીતની અગવડો સંભવે છે. આ બાબત ચોમાસું બદલનાર મુનિઓએ વિવેક રાખવાની જરૂર છે. માત્ર ગૃહસ્થની પ્રાર્થના ઉપરથી તેમ કરવું ઘટિત નથી. ખાસ જરૂર શિવાય પ્રતિબંધ રહિત વિહાર મર્યાદામુજબ કરાય તેજ ઉચિત છે.

પ્રશ્ન ૨૧–ચતુર્થવ્રતધારી સ્ત્રી ને પુરૂષ એક શય્યામાં શયન કરી શકે?

ઉત્તર—ન કરી શકે. આ બાબત કોઇએ વિજયશેઠ ને વિજયાશેઠાણીનું દૃષ્ટાંત ન લેવું; કારણ કે એ પુરૂષ તો સ્થૂળભદ્ર જેવા સમર્થ હતા. આપણે તેવા દૃઢ ને સમર્થ થવા માટે શુદ્ધ જ્ઞાન ને વૈરાગ્ય વધારવાની ઘણી જરૂર છે.

પ્રશ્ન ૨૨—જૈનશાસ્ત્રમાં સૂતક પાળવાનું કહ્યું છે? મૃતકને ઉપાડનાર ત્રણ દિવસ સુધી પૂજા નથી કરતા એ યોગ્ય છે?

ઉત્તર—જૈનશાસ્ત્રમાં મરણ ને જન્મ બંનેનું અશુચિના કારણને લઇને સૂતક પાળવાનું કહેલું છે. એ બંને પ્રસંગે ઘરમાં અશુચિ ફેલાય છે, તે તે ઘરમાં રહેનાર અને ત્યાંજ ભોજનાદિ વ્યવહાર કરનારના શરીરને લાગે છે, શ્વાસમાં લેવાય છે, એટલે તેનું શરીર અપવિત્ર થાય છે. તેના પ્રમાણમાં અમુક દિવસો સુધી સૂતક પાળવાનું ઠરાવેલું છે. મૃતકને અડનાર તથા ઉપાડનારને યથાસંભવ ૧૬ કે ૨૪ પહોરનું સૂતક કહ્યું છે. તેથી તે બે કે ત્રણ દિવસ પ્રભુની અંગપૂજા કરી શકતા નથી. અગ્રપૂજા અને ભાવપૂજા તેઓથી થઈ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન ૨૩—સ્તુતિ કહેવાના પ્રારંભમાં પુરૂષો નમોઽર્હત્૦ કહે છે ને સ્ત્રીઓ કહેતી નથી તેનું શું કારણ ?

ઉત્તર—નમોઽર્હત્૦ એ ચૌદપૂર્વનું મંગળાચરણ છે. ચૌદપૂર્વ ભણવાનો સ્ત્રીજાતિને અધિકાર નથી; તેથી તેના અંગભૂત નમોઽર્હત્૦ પણ સ્ત્રીઓ (જાતિ) બોલતી નથી.

પ્રશ્ન ૨૪—પ્રતિક્રમણમાં બધા કાઉસ્સગ્ગમાં લોગસ્સ **ચંદેસુ નિમ્મલયરા** સુધી ગણવામાં આવે છે અને શાંતિવાળા કાઉસ્સગ્ગમાં પૂરા લોગસ્સ ગણવામાં આવે છે તેનું શું કારણ ?

ઉત્તર—લોગસ્સના ૫૬ પ્રમાણે ઉશ્વાસ ગણવામાં આવે છે; તેથી જે કાઉસગ્ગ ૨૫-૫૦ કે ૧૦૦ ઉશ્વાસ પ્રમાણ કરવાનો હોય તેને માટે ૧-૨ કે ૪ લોગસ્સ **ચંદેસુ નિમ્મલયરા**—સુધી ગણવામાં આવે છે. શાંતિવાળો કાઉસગ્ગ દુઃખક્ષય કર્મક્ષય માટે છે. તેનું પરિમાણ ૧૦૦ ઉશ્વાસનું નથી, તેથી તેમાં ચાર લોગસ્સ પૂરા ગણવામાં આવે છે.

પ્રશ્ન ૨૫—દેવસિ પ્રતિક્રમણમાં શ્રુતદેવી ને ક્ષેત્રદેવીનો કાઉસગ્ગ કરવામાં આવે છે ને પાક્ષિકાદિકમાં ભુવનદેવી ને ક્ષેત્રદેવીનો કરવામાં આવે છે તેનું કારણ શું ? આમાં નિર્દિષ્ટ ભુવનદેવી તે શ્રુતદેવી તો નહિ હોય ? ક્ષેત્રદેવી તો સર્વત્ર સમાન દીસે છે.

ઉત્તર—પાક્ષિકાદિક દિવસે જે મકાનમાં મુનિઓ રહેતા હોય તેની અધિષ્ઠાયિકાદેવીને ખાસ સંભારવા માટે તેનો કાઉસગ્ગ કરવામાં આવે છે, બીજું ખાસ કારણ નથી.

પ્રશ્ન ૨૬—કેટલીક જગ્યાએ મરણ પ્રસંગે રડવા કુટવાનું બંધ રાખી નવકારવાળી ગણાવવામાં આવે છે તો તેમાં કાંઈ સૂતકને લગતો બાધ નથી ?

ઉત્તર—સૂતકવાળા ઘરમાં નવકાર ગણવામાં કે પરમાત્માનું નામ લેવામાં બાધ ગણાતો નથી.

પ્રશ્ન ૨૭—બાવન જિનાલય એટલે ફરતી (૫૨) દેરીવાળા દેરાસર કરવામાં આવે છે, તેમાં ૫૨ ની સંખ્યાનું શું કારણ ?

ઉત્તર—નંદીશ્વર દ્વીપ ઉપર (૫૨) જિનચૈત્યો છે, તે સંખ્યાને ઉદ્દેશીને (૫૨) જિનાલય—ફરતી દેરીવાળા દેરાસર બાંધવામાં આવે છે. બાકી પ્રથમ શત્રુંજય ઉપર ભરતમહારાજાએ બાવન જિનાલયવાળું ચૈત્ય કરાવેલ જણાય છે. જુઓ શત્રુંજય મહાતીર્થકલ્પ.

પ્રશ્ન ૨૮—તપસ્યાદિ પ્રસંગે રાત્રિજાગરણનો રીવાજ ચાલે છે, તે આધુનિક છે કે પ્રાચીન છે ? એમાં કાંઈ બાધકારી કારણ તો નથી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—રાત્રિના જાગરણનો પ્રચાર પ્રાચીન છે, શાસ્ત્રોમાં ઘણા ચરિત્રોમાં આવે છે. રાત્રિએ પરમાત્માના ગુણાનુવાદ કરવા અને પ્રમાદ ઓછો સેવવો એમાં ખાસ લાભવાળો હેતુ છે. કેટલીક જગ્યાએ તો આખી રાત્રિ જાગરણ કરવામાં આવે છે અને પ્રભાતે પ્રતિક્રમણ કરીને એકત્ર થયેલા સ્વજનાદિ છુટા પડે છે.

પ્રશ્ન. ૨૯—સિદ્ધચક્રમાં કોની કોની પૂજા કરવામાં આવે છે અને તેથી શું લાભ થાય છે? એના ગોળ આકારનું કારણ શું છે?

ઉત્તર—સિદ્ધચક્રમાં પ્રથમ પાંચ ગુણીની અને પછી ચાર ગુણની પૂજા કરવામાં આવે છે, તેથી પરમાત્માની પૂજા કરવાવડે જે લાભ થાય તે લાભ થાય છે, તેમાં નવપદ ગોઠવવાની ખાતર તેને ગોળ કરવામાં આવેલ છે, બીજું કાંઇ ખાસ કારણ નથી.

પ્રશ્ન ૩૦—આયંબિલની ઓળી વર્ષમાં બે વખત કરવામાં આવે છે અને તે પણ ચૈત્ર ને આસોમાંજ કરવામાં આવે છે તેનું કાંઇ ખાસ કારણ છે?

ઉત્તર—એ બે શાશ્વતી અઠ્ઠાઈ છે. એ દિવસે ઘણા દેવો પણ નંદીશ્વરદ્વીપે જઇને મહોત્સવ કરે છે, તે પ્રમાણે અહિં પણ તેનું આરાધન તપ સાથે કરવામાં આવે છે.

પ્રશ્ન ૩૧—અજિતશાંતિ સ્તવમાં દરેક ગાથા પૂરી થતાં गाहा વિગેરે જે શબ્દ મૂકેલા છે તે શું સૂચવે છે?

ઉત્તર—એ શબ્દો તે તે રાગના વૃત્તના નામ સૂચવે છે. તેનું પિંગળ શાસ્ત્ર જુદું છે. આ બધા (પ્રાકૃત ભાષામાં) વૃત્તોના નામ છે.

પ્રશ્ન ૩૨—સંતિકરં, તિજયપહુત્ત અને મોટી શાંતિ વિગેરેમાં જે ૧૬ વિદ્યાદેવીઓના નામ કહેવામાં આવે છે તે સમકિતી છે કે મિથ્યાત્વી છે? અને તેની ફરજ શું છે? તેના નામ લેવાથી આપણને શું લાભ છે?

ઉત્તર—એ ૧૬ દેવીઓ સમકિતી છે અને અનેક પ્રકારની વિદ્યાઓની એ અધિષ્ઠાયિકા છે. તેની ફરજ વિદ્યાઓનો ફેલાવો કરવાની છે. તેના નામ લેવાથી આપણને પણ તે તે પ્રકારની વિદ્યાઓનો લાભ પ્રાપ્ત થાય છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરવામાં પણ તે દેવીઓ સહાયક થઈ શકે છે.

પ્રશ્ન ૩૩—આ ભરતક્ષેત્રના છ ખંડો ચક્રવર્તી સાધે છે, તેમાંથી અત્યારે જે દુનિયા મનાય છે તેનો સમાવેશ કયા ખંડમાં થાય છે?

ઉત્તર—અત્યારે જણાતી દુનિયાનો સમાવેશ ભરતક્ષેત્રના છ ખંડો પૈકી દક્ષિણ બાજુના મધ્ય ખંડમાં થાય છે.

પ્રશ્ન ૩૪—હાલમાં કેટલાક નવા તીર્થોની નજીકમાં ધર્મશાળાઓ બંધાય છે, તેથી કાંઈ આશાતનાનો સંભવ છે કે નથી?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર–એ પ્રવૃત્તિ કાંઇ આધુનિક નથી. આગળના તીર્થોમાં આબુ–તારંગાજી વિગેરેમાં પણ તેમ છે. બાકી તેમાં રહીને આશાતના ન કરવી એ યાત્રાળુઓનું કામ છે. તે સંબંધમાં ખાસ સૂચના આપવાની–સૂચનાપત્રો છપાવી રાખવાની જરૂર છે.

પ્રશ્ન ૩૫–પ્રવર્તકની પદવી કહેવાય છે તે પદવીવાળાની ફરજ શું? અને તે પદવી શાસ્ત્રોક્ત છે કે કેમ?

ઉત્તર–પ્રવર્તક મુનિની ફરજ અન્ય મુનિઓને માર્ગમાં પ્રવર્તાવવાની છે. એ પદવી શાસ્ત્રોક્ત છે. આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને રત્નાધિક એ પાંચ પ્રકાર ગુરૂવંદન ભાષ્યમાં કહેલા છે.

પ્રશ્ન ૩૬–પરમાત્માની જળપૂજા કરતી વખત પંચામૃત કરતાં પાણીમાં દહીં, દુધ, ઘી, ને સાકર નાખાવામાં આવે છે તે શાસ્ત્રોક્ત છે? જિનબિંબને સાફ કરવામાં દહીં વાપરી શકાય? ધાતુના બિંબને સાફ કરવા માટે લીંબુ લગાડી શકાય?

ઉત્તર–પંચામૃત એ પાંચ વસ્તુ મળવાથીજ થાય છે તે શાસ્ત્રોક્ત છે. પ્રતિમાને સાફ કરવા માટે દહીં ને લીંબુ વાપરવાની પ્રવૃત્તિ છે.

પ્રશ્ન ૩૭–સહસ્રકૂટ જે કેટલાક તીર્થો ઉપર હોય છે તે શું છે?

ઉત્તર–સહસ્રકૂટમાં ૧૦૨૪ જિનબિંબ હોય છે. તે પ્રતિમા કોની કોની છે તે જાણવા માટે અમારી છપાવેલી 'સહસ્રકૂટ અંતર્ગત રહેલા તીર્થંકરોની નામાવળી'ની બુક જોવી. તેમાં તેનું સવિસ્તર વર્ણન આપેલું છે.

પ્રશ્ન ૩૮–શત્રુંજય ઉપર અદબદજી કહેવાય છે તે કોની મૂર્ત્તિ છે?

ઉત્તર–અદ્ભૂત ઉપરથી અપભ્રંશ પામેલ એ નામ સંભવે છે. એ ડુંગરમાંથી કોતરી કાઢેલી શ્રી ઋષભદેવ પરમાત્માની મૂર્ત્તિ છે.

પ્રશ્ન ૩૯–વર્ધમાનતપની ઓળી શી રીતે કરવામાં આવે છે? અને શા હેતુથી કરવામાં આવે છે?

ઉત્તર–વર્ધમાનતપની ઓળીમાં એકથી ચડતા સો સુધી આયંબિલ કરવામાં આવે છે અને પ્રાંતે એકેક ઉપવાસ કરવામાં આવે છે. સતત્ કરનારને પણ ૫૦૫૦ આયંબિલ ને ૧૦૦ ઉપવાસ કરવાના હોવાથી ૫૧૫૦ દિવસ એટલે ૧૪ વર્ષ ઉપરાંત ત્રણ મહીના ને વીશ દિવસે પૂર્ણ થાય છે. એ તપ કર્મ ખપાવવા માટેજ કરવામાં આવે છે. પૂર્વ કર્મ ખપાવવામાં આયંબિલનો તપ પ્રબળ સાધનભૂત છે.

પ્રશ્ન ૪૦—વીશસ્થાનક તપ શા માટે કરવામાં આવે છે? અને તે વીશસ્થાનક કયા કયા?

ઉત્તર—વીશસ્થાનક તપ પણ કર્મ ખપાવવા માટેજ કરવામાં આવે છે. એનું પૂર્ણપણે આરાધન કરનાર તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. તીર્થંકરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછલા ત્રીજા ભવમાં એ તપનું આરાધન અવશ્ય કરે છે. વીશસ્થાનક અરિહંત, સિદ્ધ, પ્રવચનાદિક છે. તેના નામ અનેક જગ્યાએ પ્રસિદ્ધ હોવાથી અહીં લખ્યા નથી. નવપદ માહાત્મ્ય અને વીશસ્થાનક સંબંધી પુસ્તક જોવાથી ખાત્રી થઇ શકશે.

પ્રશ્ન ૪૧—ચંદ્રમાં હરણ દેખાય છે તે શું છે ?

ઉત્તર—તે ચંદ્રના વિમાન ઉપર ચિન્હ છે.

પ્રશ્ન ૪૨—પાંચ તીર્થોમાં અષ્ટાપદ તીર્થ હાલ જણાતું નથી, તે કયાં છે ? તે શાશ્વત છે ?

ઉત્તર—તેના સ્થાનનું નિર્માણ થઈ શકે તેમ નથી. તે સમુદ્રમાં ભળી ગયેલ સંભવે છે. બંગાળા તરફ એ તીર્થ હતું. તે તીર્થ શાશ્વત નથી.

પ્રશ્ન ૪૩—જૈનધર્મ ને બૌદ્ધધર્મમાં મુખ્ય મુખ્ય શું ફેર છે ? તે ધર્મના સ્થાપક ગૌતમબુદ્ધ કહેવાય છે તે વીરપ્રભુના ગણધર ગૌતમસ્વામી કે બીજા?

ઉત્તર—જૈનધર્મ સ્યાદ્વાદી યા અપેક્ષાવાદી છે અને બૌદ્ધધર્મ ક્ષણિકવાદી ને એકાંતવાદી લેખાય છે. બીજા તેનામાં ને જૈનધર્મમાં ઘણા ફેરફારો છે. તે ધર્મના સ્થાપક ગૌતમબુદ્ધ તે બીજાજ છે. ગૌતમગણધર નહીં.

પ્રશ્ન ૪૪–આર્ય ને અનાર્ય દેશોનું મુખ્ય લક્ષણ શું છે ? અને હાલ જે દેશ છે તેમાં આર્ય કયા ને અનાર્ય કયા ?

ઉત્તર–સામાન્યતઃ ધર્મ સન્મુખ હોય તે આર્ય અને ધર્મવિમુખ તે અનાર્ય. જે દેશમાં વસતા મનુષ્યો બહુધા આર્ય હોય તે દેશ આર્ય ને બીજા અનાર્ય. આ સંબંધમાં નામ પાડીને આર્ય અનાર્ય કહી શકાય તેમ નથી.

પ્રશ્ન ૪૫–શ્રી મુનિસુવ્રતસ્વામી વિહાર કરતા કરતા ભૃગુકચ્છ શહેરમાં આવ્યા અને ત્યાં અશ્વમેધ યજ્ઞ થતો હતો તેમાંથી પોતાના પૂર્વભવના મિત્ર અશ્વને ઉગાર્યો તે ભૃગુકચ્છ હાલનું ભરૂચ કે બીજું ?

ઉત્તર–અત્યારે છે તે ભરૂચ કહેવાય છે. શ્રીપાળમહારાજ પણ ત્યાં આવેલા છે. બાકી ઉપર જણાવેલી હકીકતને કાળ ઘણો વ્યતીત થઇ ગયેલો હોવાથી ચોક્કસ કહી શકાય નહિ.

પ્રશ્ન ૪૬–લઘુ શાંતિમાં તેમજ બીજા સ્તોત્રોમાં મંત્રાક્ષરો આવે છે તેનો અર્થ શું?

ઉત્તર–મંત્રાક્ષરોનો અર્થ તથાવિધ આમ્નાય વગર ચોકસ જાણી કે કહી શકાય નહીં. એ વાત વધારે ગંભીર છે.

પ્રશ્ન ૪૭–આઠ પ્રવચન માતા તે શું ?

ઉત્તર–પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિ તે આઠ પ્રવચન માતા કહેવાય છે, કારણ કે તે માતાની જેવું ચારિત્રધર્મનું રક્ષણ કરે છે–તેને પાળે છે.

પ્રશ્ન ૪૮–ગણિ પદવી ને પંન્યાસ પદવી એક છે કે જુદી છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર–બંને પદવી જુદી છે. ગણિ પદવી આપ્યા પછી એક દિવસની ક્રિયા કરાવીને પંન્યાસ પદવી અપાય છે. તે બેમાં પંન્યાસ પદવી વિશેષ છે.

પ્રશ્ન ૪૯–દેરાસરના નાણા ખેડુતોને ધીરી શકાય કે નહીં ?

ઉત્તર–દેરાસરના નાણા તે પાપવ્યાપારી હોવાથી તેને ધીરી શકાય નહીં. પ્રસંગોપાત જણાવવાનું કે–દેરાસરના ને તીર્થના નાણા હાલમાં લોનો ને બોન્ડો વિગેરેમાં પુષ્કળ ધીરાય છે કે જે લોનો ને બોન્ડો મહા પાપકાર્ય માટે પણ કાઢવામાં આવેલ હોય છે. સધર જામીનગીરીને લઈને આ ધીરધાર થાય છે, પણ તેની સાથે સુજ્ઞ જનોએ બીજો વિચાર પણ કરવા યોગ્ય છે.

પ્રશ્ન ૫૦–મેરૂપર્વત ક્યાં છે ? કેટલાક હિમાલય પર્વતને તે નામ આપે છે તે વાસ્તવિક છે ?

ઉત્તર–મેરૂપર્વત તો આપણાથી ૪૫ હજાર યોજન દૂર છે. આ હિમાલય તો એક સામાન્ય પર્વત છે.

# आपणो जैन धर्म.

વિશ્વના પડળમાં વિધવિધ પ્રકારના પ્રવર્તતા ધર્મોમાંનો એક ધર્મ જેમાં આત્માને ઉચ્ચગામી બનાવવાની શક્તિ છે, જેમાં માનવીના વિકારને શમાવી દેવાની તાકાત છે, અને જેમાં અનુપમ તેજ અને શક્તિનો અખુટ ભંડાર ભરેલો છે તે **જૈનધર્મ** છે.

જૈનપ્રજાની સન્મુખ અન્ય ગમે તેવા સુંદર ઉપદેશ ધરવામાં આવે પણ જો તેની જૈનત્વની સત્ય ભાવના ખડી ન હોય તો તે સ્વીકારવાની સાચો જૈન અવશ્ય નાજ પાડે. ધર્મ એ એકજ એવી વસ્તુ છે કે જેની સામે આપણે હરહંમેશ શિર ઝુકાવીએ. ધર્મ એકજ એવી ચીજ છે કે જેને માટે આપણા અંતરમાંથી માન અને પૂજ્યભાવ આપોઆપ પ્રગટી ઉઠે. તે ધર્મની બાંહ્ય પકડી તેને શિરસા વંદન કરી તેના ફરમાનો દરેક માનવીના હૃદયને શિરોધાર્ય થાય તેવો પ્રયત્ન કરવો જોઇએ.

આજના બુદ્ધિવાદના યુગ સુધી અનેક અન્ય પંથીઓના ઝપાટા લાગ્યા છતાં તે ધર્મ આજે અચળ રહ્યો છે. તેને નાસ્તિક ભાવનાના વાતાવરણના વાવાઝોડા ફફડાવી શકયા નથી. ઉલટી તેનામાં રહેલા અહિંસા, ક્ષમા અને સત્યના સિદ્ધાંતો શિખવાની ફરજ આજે આખી સૃષ્ટિના દરેક માનવીને માથે આવી પડી છે.

એ ધર્મ આજે આખા વિશ્વની આલમને ભ્રાતૃભાવે નીરખવાની સુંદર અને ઉન્નત ભાવના શીખવી રહ્યો છે. તે ધર્મ આપણા આચાર વિચાર અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિધિઓને એવો બનાવી મૂકવા પોતાનું સામર્થ્ય બતાવી રહ્યો છે કે તેના ગર્ભમાં રહેલા ઉત્તમ ચારિત્રના પાઠો શીખવી આપણા આખા જીવનને સકળ વિશ્વની સાથે બંધુભાવની સાંકળમાં તે સાંધે છે-સંધાડે છે; પરંતુ વર્તમાન યુગને નવ યુગની પ્રવૃત્તિમાં મેળવી દેવા જેટલું મનુષ્ય જાતિ પાસે બળ નહીં હોવાથી કર્તવ્ય દિશામાં શિથિલ થવાને લીધે તે સાંકળના બંધનો નબળા પડતા જાય છે.

આપણાં સર્વ કાર્યની ઉન્નતિમાં ઉન્નત ભાવનાઓનું તત્ત્વ એટલું બધું છે કે જે જૈનતત્ત્વધારીને તેના એકજ લક્ષ્યબિંદુ તરફ દોરી જાય છે. તે કહે છે કે-'તું દુ:ખ સહન કરીને સામાને દુ:ખથી બચાવ, ક્ષમા શીખ, ભ્રાતૃભાવ દાખવ, વિશ્વપ્રેમી બન, અને નિજ આત્માના સ્વરૂપમાં રમણ કરી તારો પોતાનો શ્રેયમાર્ગ વિચારી લે. આ વિશ્વની સાથે એકત્વભાવ પ્રગટાવી આ દેહનું સાર્થક કરી લે. અને પરબ્રહ્મના ઉચ્ચ સ્થાનને મેળવ.'

હાલમાં આમાંની કેટલીક શીખામણો મર્યાદિત ક્ષેત્રમાં પણ યથાયોગ્ય વિહાર કરતી નથી, તેથી તેની પોતાની હદ છોડી બીજી લાંબી મજલો તો તે માપતીજ નથી, પણ તેની જે હદ બાંધી છે તેમાં પણ ગોથાં ખાય છે.

જૈન શાસને જે ફરમાનો કાઢ્યા છે તેના સર્વોચ્ચ અને સુંદર આદર્શને પહોંચી વળવા માટે આપણે આપણા આત્માની મર્યાદાઓ, સંકુચિતતાઓ અને કર્તવ્યપ્રદેશ વિચારવાનું બાકી રહે છે. તે વિચારણાનું પરિણામ આવ્યેથી આપણે અમુક માર્ગે જરૂર કુચ કરી શકશું. જ્યાં શક્તિ અને પ્રભાવ હોય તેમજ જેને જોતાં આપણાં અંતરમાં અમર છાપ પડતી હોય તે શક્તિ અને પ્રભાવ આપણને જૈનને તેમજ જૈનેતરને પણ માન્ય થવોજ જોઇએ.

પ્રભુની ભક્તિ માટે ઠેર ઠેર તેની પ્રતિમાઓ સ્થાપન કરી તેની પૂજા કરવી અને તેજ પ્રભુના વચનામૃતો ન માનવા, તેથી વિરૂદ્ધ વર્તન કરવું, એ તે પ્રભુનો અનાદર-અવજ્ઞા કે આશાતના કરી ગણાય. આ વાત ખાસ ખ્યાલમાં રાખવા જેવી છે.

ભલે આપણા ચિત્તની વૃત્તિ ઠેકાણે રાખવા માટે આપણે ઠેકાણે ઠેકાણે પ્રભુની પ્રતિમાઓ સ્થાપન કરીએ, પરંતુ તેમાંથી સ્ફૂરતા દિવ્ય પ્રતાપની, અસીમ સૌંદર્યની અને અપાર યશકીર્ત્તિની ભાવના આપણે જોઇ કે જાણી શકતા નથી તેજ આપણી ખામી છે, તેમના આત્માની પવિત્રતા નથી નિહાળી શકતા તેજ આપણી ભૂલ છે, તેમનું આદર્શ અને અનુકરણીય ક્ષમાવૃત્તિધારક જીવન બારીકીથી જોવામાં આપણે ચૂકીએ છીએ એજ આપણી કસુર છે. એ ખામી, ભૂલ અને કસુરવાળા જે આપણે તે એ પ્રભુના પ્રવર્તાવેલા અદ્વિતીય જૈનધર્મને બરાબર ક્યાંથી પાળી શકીએ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય મહાપુરૂષોની પ્રવર્તાવેલી હકીકતોનું રહસ્ય આપણે યથાર્થ જાણી શકતા નથી, તો પછી એ પરમ પૂજ્ય પરમાત્માના દર્શાવેલા અંતિમ માર્ગને બરાબર ઓળખવો કે એમના ચરિત્રની ઉત્કૃષ્ટતાને બરાબર ઓળખવી એ કોઈ સંસ્કારી આત્માજ ઓળખી શકે. આપણે તો તેમના ચરણારવિંદમાં મસ્તક નમાવવું, તેમના શિરપર પૂજનપુષ્પો ચડાવવા અને તેમના પરાક્રમી ચરિત્રના આદર્શો ઉપર પ્રેમ અને ભક્તિનો વરસાદ વરસાવવો. જો કે એ પ્રમાણે કરવાની સત્તા પણ કોઈ મહા પુણ્યાત્મામાંજ હોઇ શકે, સામાન્ય જનોના તો એમાં ભારજ નથી.

પ્રભુનાં વચનો અને સ્મારકો આખા વિશ્વમાં પ્રસરાવવાની અને તેમના ભવ્ય શિક્ષાવ્રતોથી આ દુનિયાને પારંગત કરવાની શક્તિ કોઇ મજબુત અને બળવાન ખમીરવાળા આત્મા પાસેજ હોઇ શકે. આપણે તો તેમની પૂજ્ય પ્રતિમા આપણા નિર્મળ અંતઃકરણમાં ધારણ કરી આપણી ઇચ્છાની સાર્થકતા કરી શકીએ. પ્રભાવિક પુરૂષો તેથી વિશેષ કરી શકે.

એવા પરમાત્માને આપણા અંતરમંદિરમાં પધરાવવા એ ભાગ્યની પરિસીમા ગણાય અને એવા ભાગ્યને પોતાને અનુકૂળ બનાવવું એ દરેક મનુષ્યના હાથની બાજી છે. તો એવી હાથની બાજી ગુમાવી, સંસ્કારી આત્માને કફોડી સ્થિતિમાં મૂકી, ધર્મને નામે કાંઇ પણ જૂઠાણા ચલાવવા કે ધર્મના ફરમાનોને શિરોધાર્ય ન કરતાં ચરણતળે મસળવા જેવું કરવું એ નિર્મળ આત્માને કનીષ્ટ બનાવવા જેવું છે. માટે ચેત ! ચેત ! ઓ માનવી ! પ્રભુના પ્રભાવિક તેજને ઝીલવા તૈયાર થા ! તેમાં પ્રમાદ કરીશ નહીં, પ્રમાદ કરીશ તો બધું હારી જઇશ ! વધારે શું કહીએ ?

**પરભુદાસ ઓ. મહેતા,**

---

# श्री हितशिक्षाना रासनुं रहस्य.

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૫ થી)

પ્રથમ કહી ગયા પ્રમાણે પુત્રની તેમજ પુત્રવધુની પરીક્ષા કરીને ઘરનો ભાર તેને સોંપવો અને પોતે તેમાંથી છુટા થઈ ધર્મસાધન વિશેષે કરવું.

પુત્રની કે શિષ્યની પોતાને મોઢે પ્રશંસા ન કરવી, કારણ કે એની પ્રશંસા કરવાથી તેને અભિમાન આવે છે. આ સંબંધમાં કહ્યું છે કે—

**" શ્રી દેવગુરુની મુખે સ્તુતિ કીજે, મિત્ર ભાઇની પૂંઠે;**
**સેવકની મુખ ઉપર કીજે, સુતની ન કરે જૂઠે. "**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'શ્રી દેવગુરૂની તેને મોઢે-તેમની સમીપે સ્તુતિ કરવી. મિત્રની ને બંધુઓની તેમની પાછળ સ્તુતિ કરવી. સેવક કોઇ કામ કરી આવ્યો હોય તો તેની પ્રશંસા તેને મોઢે કરવી અને પુત્રની તો જૂઠી પણ ન કરવી, અર્થાત્ નજ કરવી.' ત્યારપછી કહે છે કે 'સ્ત્રીની સ્તુતિ તેની વાંસે કરવી કે જેથી તે તેના પતિની ભક્તિ સારી રીતે કરે.' આ વાત પતિ શિવાયના બીજા સ્તુતિ-પ્રશંસા કરનાર માટે સમજવી. તેના પતિએ તો પોતાની સ્ત્રીની સ્તુતિ નજ કરવી, પતિએ તો તેના અભાવેજ તેની પ્રશંસા જો ગુણ હોય તો કરવી-જીવતા ન કરવી એમ અન્યત્ર કહ્યું છે.

હવે પુત્રને પ્રવીણ કરવા માટે પિતા રાજદરબારે જાય તો પુત્રને સાથે લઇ જાય. તેને દેશવિદેશની વાતો સંભળાવે. પોતે જાણતો હોય તે તમામ પ્રકારની વિદ્યા પુત્રને શીખવે અને બીજા પાસે પણ શીખવા મોકલે, જેથી પુત્ર પ્રવીણ થાય અને કોઇથી છેતરાઈ ન જાય.

હવે સગા સંબંધીના ઉચિત માટે કહે છે કે-સગાઓનું ઉચિત યોગ્ય રીતે સાચવવું. તેને પોતાને ઘરે દરેક અવસરે તેડવા, બોલાવવા, પ્રણામ વ્યવહાર રાખવો, સન્માન આપવું, દૂરથી પાસે બોલાવવા, પોતે સર્વ રીતે સુખી હોય ને પોતાના સ્વજનો દુઃખી હોય તો તેને સુખી કરવા, જો તેમ ન કરે તો તેની હલકાઇ થાય છે. લોકમાં તેનું નામ લજાય છે. લોકો નિંદા પણ કરે છે. અહીં દેવવિમાન જેવા ઉંચા જિનપ્રાસાદ ઉપર રહેલી ધ્વજાને અંગે અન્યોક્તિ કહે છે. એ સ્થાનકે રહેલી ધ્વજાને નાચતી ને કુદતી જોઇને કવિ કહે છે કે— 'રે ધ્વજા ! રે ભુંડી ! તું શેની આટલી બધી કૂદે છે ? તારા વંશ ઉપર તો છાયા કરતી નથી ? અન્ય જનોને પોતાની ઋદ્ધિ દેખાડે છે, છાયા કરે છે, પણ પોતાનો વંશ-દંડ તો છાયા વિનાનો રહે છે.' આનો જવાબ ધ્વજા દઈ શકતી નથી.

આ અન્યોક્તિ ઉપરથી સાર એ લેવાનો છે કે-જે માણસ બીજાઓને પોતાની ઋદ્ધિ દેખાડે, મોજ માણે, પણ પોતાના કુટુંબીઓની સામું ન જુએ, તે દુઃખી હોય છતાં તેની સંભાળ ન લે, આવા મનુષ્યોની ઋદ્ધિ શોભા માટે થતી નથી. સ્વજન એને કહેલ છે કે જે દુર્ભિક્ષને વખતે, કષ્ટમાં પડેલ હઇએ ત્યારે, શત્રુ તરફના સંકટમાં આવી પડેલ હઇએ ત્યારે, રાજ દરબારમાં લઇ ગયા હોય-પકડી ગયા હોય ત્યારે અને સ્મશાનમાં સાથે રહે. આ વાત હિતશિક્ષાના ઇચ્છકે ખાસ ખ્યાલમાં રાખવા યોગ્ય છે.

સુજ્ઞજનોએ પોતાને લક્ષ્મી મળી હોય તો તેના પ્રમાણમાં પોતાના કુટુંબીઓનો અવશ્ય ઉદ્ધાર કરવો અને તે પોતાનો ઉદ્ધારજ સમજવો. લક્ષ્મીને તો અરઘટ્ટના ઘડા અથવા લોટકા જેવી માનવી, તે તો ભરાય છે ને ઠલવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને ભરતાં કે ઠલવાતાં વાર લાગતી નથી; તેમ લક્ષ્મીને પણ આવતાં કે જતાં વાર લાગતી નથી. તે કોઈ આપણી રોકી રાખી રહેતી નથી. આપણે સારા વખતમાં કોઈનો ઉદ્ધાર કર્યો હોય તો આપણા નબળા વખતમાં તે પણ આપણો ઉદ્ધાર કરે. દૈવકૃપાએ તેવો વખત નજ આવે તે ઘણું શ્રેષ્ઠ; પણ તેવો નિરધાર તો નથી. જુઓ પાંડવ, કૃષ્ણ, રામચંદ્ર કેવા મહાપુરૂષો હતા ? પણ એક વખત તેમને પણ વનવાસાદિના મહા કષ્ટ ભોગવવા પડ્યા. નિરંતર–કાયમ એક સરખો સારો વખત તો કોઈ પુન્યશાળીનોજ જાય છે; તેથી તેવું અવિચ્છિન્ન પુણ્ય બાંધવા પ્રયત્ન કરવો.

હવે કર્ત્તા કહે છે કે–'સુજ્ઞ મનુષ્ય જે કાંઇ નવું કાર્ય કરે તે પાંચ માણસને–સજ્જનોને પૂછીને કરે. જો વગર પૂછ્યે કરે તો કોઈ વાર પસ્તાવાનો વખત આવે.' આ પ્રસંગ ઉપર પાંચ આંગળીનું દ્રષ્ટાંત આપે છે. એક વખત તર્જની (અંગુઠા પાસેની ) આંગળી કહે કે—' હું સૌમાં શ્રેષ્ઠ છું; કારણકે મને લખવામાં, ચિત્રકળામાં તેમજ અનેક કાર્યોમાં આગળ કરવામાં આવે છે.' ત્યારે મધ્યમા કહે કે–'હું સૌથી શ્રેષ્ઠ છું; કારણ કે હું સૌથી મોટી છું.' અનામિકા (ટચલી પાસેની ) કહે કે–' તું તો લોકોને ટકોરા મારનારી છે, તારામાં કાંઇ મોટાપણું નથી, મોટી તો હું છું કે જે પૂજા કરવામાં, નંદાવર્ત્તાદિ કરવામાં અને બીજા પણ શુભ કાર્યમાં કામે લાગું છું, વાસક્ષેપ પાણી વિગેરે હું મંત્રી આપું છું.' ત્યારે કનિષ્ટા (ટચલી) કહે કે–'વધારે બોલતી બંધ થા, તું કાંઇ બધા કાર્યમાં કામમાં લાગતી નથી જ્યાં સૂક્ષ્મ–ઝીણું કામ હોય છે ત્યાં તો હું કામે લાગું છું, જાપ હું કરૂં છું, કાન હું ખણું છું, અને ખરા કષ્ટ વખતે મારા લોહીનું ટીપું કામ આવે છે.' તે વખતે ચારે આંગળીઓ એક સાથે બોલી કે 'આપણે પરસ્પર વાદ શા માટે કરવો પડે, આપણે ચારે બહેનો છીએ તેથી ગમીને કામ કરવું.'

તે સાંભળી અંગુઠો ઓળંગીને બોલ્યો કે 'તમે ચારે તો મારી સ્ત્રીઓ છો. હું તમારો સ્વામી છું અને પુરૂષવિના આ સંસાર સૂનો છે. ઘણી સ્ત્રીઓ ભેળી થાય પણ તેનાથી કાંઇ કામ થતું નથી; એક પુરૂષ હોય તો બધું કામ પાર પાડી શકે છે. પુરૂષની બધે શરમ પડે છે, સ્ત્રીની પડતી નથી. વળી હું બીજી પણ બહુ રીતે શ્રેષ્ઠ છું. સંઘપતિને તિલક હું કરૂં છું, તીર્થંકરો મને ધાવે છે. રાજ્યાભિષેક હું કરૂં છું. ગૌતમસ્વામીની ક્ષીરમાં વૃદ્ધિ કરી દઇને મેં તેમની લાજ રાખી છે ૧૫૦૩ તાપસોને એક પાત્ર પૂરતી ક્ષીરથી મેં પારણા કરાવ્યા છે. મારા ઉપર નવકારવાળી રાખીને ગણતાં મુક્તિની પ્રાપ્તિ થાય છે. પસલી ભરવી, કોળીઓ ભરવો, મૂઠી વાળવી, કોઇની ઉપર વાસક્ષેપ કરવો કે રજ નાખવી તે હું હોઉં તોજ થાય છે. શસ્ત્ર પકડવું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંટો કાઢવો, ગાંઠ વાળવી એ બધામાં મારૂં કામ પડે છે. જુઓ ૬૪૦૦૦ અંતે ઉરી અને ૧૨૮૦૦૦ વારાંગના કુલ ૧૯૨૦૦૦ તેનો સ્વામી ચક્રી હોય છે, ઇંદ્રને પણ ઇંદ્રાણીઓ અનેક હોય છે. હજાર હાથિણીઓમાં એક હાથી સ્વામીતરીકે હોય છે, તેમ તમે મારી સ્ત્રીઓ છો, ને હું તમારો સ્વામી છું."

આ પ્રમાણેનું અંગુઠાનું કથન સાંભળીને ચારે આંગળીઓ બોલી કે-'આપણે ફોગટ વાદ શા માટે કરવો જોઇએ? એકલાથી કોઇથી કાંઈ કામ થઇ શકતું નથી, આપણે પાંચ મળીને રહીએ ત્યારે પોંચા તરીકે આપણી શોભા થાય છે અને દરેક કામ થઇ શકે છે; માટે સંપીને રહેવું.

આ દ્રષ્ટાંત ઉપરથી વાંચનારા બંધુઓએ પણ સાર એ ગ્રહણ કરવો કે-'શોભા ને કાર્યસિદ્ધિ સંપમાં રહેલી છે, તેથી જે કાર્ય કરવું તે સંપીને-પરસ્પર વિચારો મેળવીને કરવું કે જેથી પાછળ પસ્તાવું ન પડે.'

હવે કર્ત્તા ગુરૂ મહારાજનું ઉચિત જાળવવા સંબંધી કહે છેઃ-ગુરૂ મહારાજને ત્રણ કાળ વંદના કરવી. તેમની ભક્તિ કરવી. સ્તવના કરવી. તેમની પાસે બેસીને ધર્મકથા સાંભળવી. પ્રતિક્રમણ ગુરૂમહારાજાની સાથે કરવું. તેમની આજ્ઞા માન્ય કરવી. અવગણના ન કરવી. તેમને બહુમાન દેવું. કોઇ મિથ્યાત્વી ગુરૂની અવગણના કે અપમાન કરતો હોય તો તેને પોતાની શક્તિનો ઉપયોગ કરીને વારવો.

કુમારસંભવ કાવ્યમાં કહ્યું છે કે-"એકદા ઇશ્વર વનમાં જઇ ધ્યાનમાં બેઠા હતા. પાર્વતી તેને ગોતવા લાગ્યા કે-'શિવ કયાં ગયા?' ખોળતાં ખોળતાં વનમાં આવ્યા, ત્યાં શંકરને ધ્યાનમાં બેઠેલા દીઠા; એટલે તેણે વસંત ઋતુ વિકૂર્વી. શંકરે જોયું કે 'આ કોઇક મને અજાવવા આવેલ જણાય છે.' ત્યાં તો પાર્વતીને દીઠા. શંકર તેને મળવા ઉભા થયા, એટલે પાર્વતી ચાલ્યા ગયા. ઇશ્વરે વિચાર્યું કે-'હું જોઉં તો ખરો કે પાર્વતીનો મારી ઉપર કેવો રાગ છે?' એમ વિચારીને તેમણે એક બટુકનું રૂપ કર્યું અને પાર્વતી પાસે ઘેર જઇને શંકરનું વાંકુ બોલવા માંડ્યું, એટલે પાર્વતીએ તેને વાર્યો કે-'શિવ તો પ્રભુ કહેવાય, તેનું વાંકુ ન બોલીએ.' તે છતાં તે વાર્યો ન રહ્યો એટલે પાર્વતીએ ઘરમાં જતાં રહીને દાસીને મોકલી કે 'પેલો બહાર ઉભો છે તે બટુક શંકરની નિંદા કરે છે તેને કાઢી મૂક. નિંદા કરવાથી તેને તો પાપ લાગે પરંતુ આપણને સાંભળતાં પણ પાપ લાગે.' દાસીએ જઇને બટુકને રજા આપી. બટુકરૂપે આવેલા શંકર પાર્વતીનો સાચો પ્રેમ જાણી પ્રસન્ન થયા.

આ પ્રમાણે કોઈપણ માણસ ગુરૂની નિંદા કરતો હોય તો તેને વારવો; છતાં વાર્યો ન રહે તો આપણે ગુરૂના અવર્ણવાદ સાંભળવા નહીં. ગુરૂનાં છિદ્ર જોવા નહીં. ગુરૂને સુખે સુખ ને દુઃખે દુઃખ માનવું. ગુરૂનું કહ્યું કરવું. આ પ્રમાણે જે ગુરૂનું ઉચિત જાળવે તે સંસારસમુદ્ર સહેલાઇથી તરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ મનુષ્યોએ સાધુઓના કે મોટાના પ્રત્યનિકને અનેક રીતે પરાસ્ત કરવો. પ્રવચનના પ્રત્યનિકનું નિવારણ કરવાથી બહુ પુણ્ય પ્રાપ્ત થાય છે. પૂર્વે જેમ સગરચક્રીના જીવે સાઠ હજાર યાત્રાળુઓના સંઘને લુંટવા આવેલા ચોરોનું નિવારણ કર્યું હતું તેમ કરવું. તે ભવમાં તે એક કુંભાર હતા. તેણે ચોરોના સંકેતની વાત જાણી સંઘને ચેતાવ્યો અને પોતે ઘણા માણસો સાથે લઇને ચોરોના નિવારણનો પ્રયત્ન કર્યો, જેથી સંઘે સુખે યાત્રા કરી. આ કાર્યથી તેણે પુષ્કળ પુણ્ય ઉપાર્જન કર્યું. તેમ અન્ય જીવોએ પણ શાસનના કે ગુરૂના પ્રત્યનિકને નિવારીને પુણ્ય ઉપાર્જન કરવું.

રાજાપાસે અર્થાત્ રાજદરબારમાં જવાનું થાય તો દશ માણસે મળી એક વિચાર કરીને જવું; કોઇ માણસ જો એકલો જાય અને બીજાઓના વિચારો મેળવ્યા વિના જાય તો રાજ્ય તરફનું કષ્ટ તેને એકલાને સહેવું પડે. રાંક પણ ઘણા એકઠા થઇને કોઈ કામ કરવું ધારે છે તો તે કરી શકે છે. જુઓ! તરણા ઘણાં મળીને દોરડું થાય છે, તો તે મોટા હાથીના સુધને પણ બાંધી શકે છે. સંપ વિના કોઈ જગ્યાએ કાર્યસિદ્ધિ થતી નથી. તેની ઉપર ભારંડ પક્ષીનું પણ દૃષ્ટાંત છે.

ભારંડ પક્ષીને પેટ એક હોય છે, માથાં બે હોય છે, તથા જીવ પણ બે હોય છે, પગ ત્રણ હોય છે બન્નેને કોઈ પણ ફળાદિક ખાવાની ઇચ્છા થાય તો તેમાંથી એક માથું ચાલે, તેની પાછળ બીજું માથું પણ અવળે મોઢે ચાલે છે. એ પ્રમાણે એક ચિત્તે જ્યાંસુધી કામ કરે છે ત્યાંસુધી તે જીવે છે. જ્યારે તે બંનેના વિચાર જુદા પડે છે અને બન્ને જુદી જુદી બાજુ જવાનું મન થવાથી જુદું જોર કરે છે ત્યારે તેનું મૃત્યુ થાય છે. આ દૃષ્ટાંતથી સર્વત્ર સંપમાંજ સુખ છે એમ સમજવું.

ઉત્તમ જનોએ કોઇના મર્મ પ્રકાશવા નહીં. કોઇની ગુપ્ત વાત કાંઈ જાણવામાં આવી હોય તો તે પ્રકાશિત કરવી નહિ કે જેથી તેને દુઃખ થાય. એવી હકીકતને પરિણામે કોઈ વખત મૃત્યુ પણ થાય છે. પારકા મર્મ ખોલવાથી રાફડાના ને પેટના સર્પની જેમ બંનેનો અંત આવે છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે-

વસંતપુર નગરમાં વાલ્મિકી નામે રાજા હતો. તેને પાણી પીતાં તેમાં નાનો સર્પ આવી ગયો. તે પેટમાં ગયો અને વધવા માંડ્યો, તેથી તે રાજાનું પેટ પણ વધવા માંડ્યું અને ઘણી પીડા થવા માંડી. તે રાજાથી અન્ન ખવાય નહિ. અન્ન ખાય તો બહુ પીડા થાય અને દુધ સાકર પીવે તો સાજા રહે; કારણ કે તે અંદરના સર્પને પ્રિય હતું. અંદરનો સર્પ વધારે મોટો થવાથી રાજાને પીડા વધી પડી, એટલે છેવટ કાયર થઇને રાજા મરવા ચાલ્યો. રાણી પણ સાથે ચાલી. ચાલતાં ચાલતાં નગર બહાર એક જગ્યાએ રાત્રિ પડી એટલે એક ઝાડની નીચે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગ્રીવાસો રહ્યા. ત્યાં રાજા ઉંઘી ગયો અને રાણી જાગતી હતી, તેવામાં રાજાના પેટનો સર્પ રાજાના મોઢાવાટે બહાર નીકળ્યો. તે ઝાડ નીચે એક બીજો સર્પ આવ્યો, તે બંને મળ્યા. બહારના સર્પે ઉદરના સર્પને કહ્યું કે–'તું આ રાજાને શા માટે દુઃખી કરે છે? હવે તેના ઉદરમાં પેસવું રહેવા દે, એટલે તે બોલ્યો કે–' ત્યાં દુધ સાકર પીવાના મળે છે, તેથી શું કામ ન રહું ?' બહારનો સર્પ કહે કે–'તારો સદ્ગુરૂ કોઈ મળ્યો નથી, બાકી જો કોઇ મળે અને ઝેરકોચરા ઉકાળીને રાજાને પાય તો તું અંદરને અંદર કોહીને પુંઠ વાટે નીકળી જાય.' એ પ્રમાણે સાંભળી પેટનો સર્પ બોલ્યો કે 'તું આવો ડાહ્યો થાય છે, પણ નકામો દ્રવ્યને વિંટાઇ રહ્યો છે, તો બીજાને લઇ જવા કેમ દેતો નથી? તારો પણ કોઇ સદ્ગુરૂ મળે ને તારા બીલમાં ઉનું પાણી રેડે તો તું મરી જાય અને તેને બધું દ્રવ્ય મળે.'

આ પ્રમાણે બંને સર્પે વાત કરી તે બધી રાણીએ સાંભળી. પછી બીલનો સર્પ બીલમાં પેસી ગયો અને પેટનો સર્પ મુખદ્વારા રાજાના મોઢામાં પેસી ગયો. સવારે રાણીએ રાજાને મરવા જવાની ના કહી. અને કાંઇક ઉપચાર કરવો છે એમ કહ્યું. પછી રાજાને ઘરે લઈ જઈ બીજા સર્પે કહ્યા પ્રમાણે ઉપચાર કર્યો, એટલે રાજા નિરોગી થયો. પછી રાણી પેલા બીલમાં ઉનું પાણી રેડીને ત્યાંથી દ્રવ્ય પણ લઈ આવી. રાજાએ 'આ ઉપાય ક્યાંથી જાણ્યો?' એમ આગ્રહથી પૂછ્યું, એટલે રાણીએ બધી વાત કરી. રાજાએ કહ્યું કે–' પેલા આપણા ઉપગારી સર્પને શું કામ માર્યો? આપણે દ્રવ્યની ક્યાં કમી હતી? પણ એમ બને તેમાં કાંઈ નવાઇ નથી, કારણ કે જે પારકા મર્મ પ્રકાશે છે તે પોતે પણ પરિણામે દુઃખી થાયજ છે અને થવોજ જોઇએ.'

આ દૃષ્ટાંત ઉપરથી સુજ્ઞ જનોએ કોઇના પણ મર્મ પ્રકાશવા નહિ.

અપૂર્ણ

# કેશર સંબંધી અમારો નિર્ણય.

તા. ૧૯ મીના વીરશાસનમાં એક જૈનના નામથી કેશરને અંગે જે લેખ લખાયેલ છે તેના બધા વિચારો અમને યોગ્ય જણાય છે. અમે કેશર જિનપૂજામાં વાપરવાનું શાસ્ત્રોક્ત છે એ વાત સ્વીકારીએ છીએ; અને ઘણા વર્ષોથી વપરાતું આવ્યું છે. શુદ્ધ કેશર વાપરવામાં અમે બીલકુલ વાંધો સમજતા નથી, ભાવનગરના સંઘે પ્રતિબંધ પણ અશુદ્ધ કેશર માટેજ કરેલ છે. સૂરજ છાપનું કેશર અશુદ્ધ છે એમ કહેવાને અમે તૈયાર નથી; પરંતુ તે કેશર તે ખાતાની ઓફીસમાંથી સીલબંધ ડબાનું હોવું જોઇએ. બજારના વેપારીઓ પાસેથી તદ્દન ચોખ્ખું—ભેળસેળ વિનાનું મળવાનો અમને સંભવ નથી, કારણ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલ કેશર બહુ મોંઘા ભાવનું આવતું હોવાથી લાલચનો ઘણો સંભવ છે; માટે કોઇ પણ સંસ્થાએ ખાસ સૂરજ છાપનું ચોખું કેશર મંગાવીને આપવા તૈયાર થવું જોઈએ. તે શિવાય વાપરવું શરૂ કરી દેવાથી ગામડાવાળાઓ અને બીજા શહેરવાળાઓ પણ જેવું તેવું કેશર વાપરવા મંડી પડશે એ અમને ઇષ્ટ નથી. જેને જીવહિંસામાં પાપ નથી, અને જેઓ માંસાહારી છે, તેઓ કોઇ પણ વસ્તુનો વર્ણ ગંધ રસ કે સ્પર્શ મનોરંજક કરવા માટે શું પાપ ન કરે તે કહી શકાય તેમ નથી. તેથી એ પ્રજાનો કોઇને વિશ્વાસ આવે તેમ નથી. બાકી કોઇ કેશરથી પૂજા કરે કે કરતા હોય અથવા કરેલી હોય તો તેના પ્રત્યે તીરસ્કાર ધરાવવો તે યોગ્ય નથી. પોતે વાપરવું કે નહીં એ જુદી વાત છે પણ સત્ય વાત સમજવી, સ્વીકારવી અને કરવી એ સુજ્ઞ જનોનું કામ છે એમ અમારી માન્યતા છે.

# ભાદ્રપદના અંકમાં આપેલા પ્રશ્નોત્તર સંબંધે વિશેષ સ્પષ્ટીકરણ.

**વડોદરાથી વકીલ નંદલાલ લલ્લુભાઇ** જણાવે છે કે—આવા પ્રશ્નોત્તરો બહુ ઉપયોગી છે; પરંતુ તેમાંના કેટલાક પ્રશ્નોના ઉત્તરોમાં વિશેષ સ્પષ્ટીકરણની આવશ્યકતા છે. તેને અંગે તેઓ નીચે પ્રમાણે જણાવે છે.

**પ્રશ્ન ૧૪ મો** ગર્ભાપહારની હકીકત બ્રાહ્મણોને હલકા પાડવા માટે જોડી કાઢેલી તો નથી ? એવી મતલબનો છે. એના ઉત્તરમાં વિશેષમાં એ જણાવવાનું છે કે-મહાવીર પ્રભુના ચરિત્રમાં બ્રાહ્મણો સાથે તો બહુજ સંબંધ છે. પ્રથમ માતાપિતા બ્રાહ્મણ છે અને અગ્યાર ગણધરો પણ બ્રાહ્મણ છે. વળી પ્રભુના માતાપિતા પ્રથમની ૮૨ રાત્રીના બ્રાહ્મણ છે એ હકીકત વીર પરમાત્માએ પોતેજ કેવળજ્ઞાન પામ્યા પછી કહેલી છે અને તે હકીકત ગણધરમહારાજાએ શ્રી આચારાંગસૂત્રમાં ગુંથેલી છે. શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રમાં પણ દશમા પર્વમાં વીરપ્રભુના કેવળજ્ઞાન પામ્યા પછી પ્રભુ વિહાર કરતાં કરતાં બ્રાહ્મણકુંડ ગામે પધાર્યા છે, દેવોએ સમવસરણ કર્યું છે, દેવાનંદા અને ઋષભદત્ત વાંદવા આવ્યા છે, પ્રભુને જોતાં દેવાનંદાને પુત્રવત્ પ્રેમ ઉત્પન્ન થયો છે, શરીર વિકસ્વર થયું છે, અને સ્તનમાંથી દુધ ઝર્યું છે, તે વખતે ગૌતમ સ્વામીએ પ્રશ્ન કરતાં પ્રભુએ ઉત્તરમાં પોતે દેવાનંદાના ગર્ભમાં ૮૨ રાત્રી રહેલા છે એ વાત પ્રગટ કરી છે. દેવાનંદા અને ઋષભદત્તે પ્રભુના ઉપદેશથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી છે અને અંતે કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા છે. આ પ્રમાણે બધી હકીકત આપી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુના પ્રસિદ્ધ માતાપિતા ત્રિશલારાણી ને સિદ્ધાર્થરાજા તો કાળ કરીને દેવલોકે ગયા છે. આ હકીકત પણ તેમાં આપેલી છે. એટલા ઉપરથી ખ્યાલ કરવાનો છે કે ગર્ભાપહારની હકીકતમાં કે કોઇપણ હકીકતમાં બ્રાહ્મણવર્ગને હલકા પાડવાનો આશય બીલકુલ છેજ નહીં. જેમના રાગદ્વેષ સર્વથા નાશ પામ્યા છે એવા પરમાત્માએ યથાર્થ હકીકત પ્રગટ કરી છે. જો તેમણે કહેલ ન હોત તો એ વાત કોણ જાણવાનું હતું ? માટે એવી ખોટી સંભાવના કોઇએ કરવી નહિ.

**પ્રશ્ન ૨૯મા** માં શ્રી હીરવિજયસૂરિ અને તેમના શિષ્ય બાદશાહની સાથે લડાઇમાં જતા હતા ? એમ પૂછ્યું છે. તેના ઉત્તરમાં શ્રી હીરસૌભાગ્ય કાવ્ય વિગેરેમાંથી આધાર સાથે વિશેષ લખવાની જરૂર હતી. મારા વાંચવા પ્રમાણે શ્રી હીરવિજયસૂરિ અને તેમના શિષ્ય શાંતિચંદ્ર ઉપાધ્યાયે લડાઇમાં જઇને જેમ બની તેમ જીવહિંસા અટકાવી છે. બાદશાહને મદદ કરી તેને ધર્મની સન્મુખ કરેલ છે. એવા બાદશાહ કે રાજા મહારાજાઓને યોગ્ય સહાય આપવાની આવશ્યકતા એ છે કે એમની પ્રસન્નતા અને અનુકૂળતા અનેક પ્રકારના ધર્મકાર્ય સિદ્ધ કરી આપે છે. તેમજ તેવા રાજા મહારાજાને લઇને અનેક જીવો ધર્મની સન્મુખ થાય છે–ધર્મ પામી જાય છે. એકને માટે કરેલ પ્રયાસ અનેકને માટે લાભકારક થાય. છે. એવા બાદશાહ વિગેરેને જે ચમત્કારો બતાવવામાં આવે છે એ પણ એટલાજ માટે કે તેમના હૃદયમાં જૈનધર્મની મહત્ત્વતા ઠસી શકે. એઓ કાંઇ તત્ત્વજ્ઞાનની હકીકતથી રીઝતા નથી, એમને માટે તો અન્ય શક્તિઓ ફોરવવી પડે છે.

**પ્રશ્ન ૨૧** મામાં જીવદયાના પૈસા ઉઘરાવવામાં આવે છે અને તે પૈસાવડે જીવ છોડાવવામાં આવે છે તે વ્યાજબી છે? એમ પૂછ્યું છે. પણ હું કહુ છું કે તેમાં ગેરવ્યાજબી શું છે ? એક જીવ છોડાવવાને માટે ગમે તેટલા પૈસા આપવા પડે પણ તેની જીંદગી બચી એ લાભ શું થોડો છે? કસાઇ પૈસા લઈ જઇને શું કરશે ? એ તરફ આપણે જોવાનું નથી. આપણા આપેલા પૈસાથીજ તે હિંસાનું કામ કરે છે એમ નથી. તે તો તેનું કામ કર્યાજ કરે છે. વળી જો વધારા પડતી કિંમત અપાય છે એમ માનવામાં આવતું હોય તો તેમાં પણ ભૂલ થાય છે; કારણ કે એક જીવના માંસના ને તેના ચામડા વિગેરેના કેટલા પૈસા કસાઇને ઉપજે છે તે આપણા લક્ષ્ય બહારની હકીકત છે અને તેમાં આપણે પડવાની પણ જરૂર નથી. આપણે તો મહાન્ પર્વદિવસે અથવા ગમે ત્યારે કોઈ પણ જીવની જીંદગી બચાવવા માટે ગમે તેટલો ખર્ચ કરતાં પાછા હઠવું જોઇએ નહિ. આપણી નજરે પડેલ જીવ કે જીવોને તો બનતા સુધી બચાવવાનો પ્રયત્ન કરવો; તેને મરવા દેવા નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૩ જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવન સંગ્રહ.

આ પત્રાકારે છપાવેલો ૪૬ મોટા મોટા સ્તવનોનો સંગ્રહ બહુજ ઉપયોગી છે. દરેક તિથિના અને બીજી અનેક બાબતોના પ્રકરણોના તેમજ સિમંધરસ્વામી વિગેરે પ્રભુના સ્તવનોનો સારો સંગ્રહ કર્યો છે. શ્રી મુંબઇનિવાસી ઝવેરી મોતીચંદ રૂપચંદ તથા સુરતનિવાસી ડાહ્યાભાઇ કાળીદાસ કીનારીવાળાની આર્થિક સહાયવડે નકલ ૨૦૦૦ સંવત ૧૯૭૯માં છપાવેલ છે. કિંમત રાખવામાં આવી નથી તેથી ભેટ આપવા માટેજ છપાવેલ હોય એમ સંભવ થાય છે.

## ૪ તપાવળી ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

આ બુક ગુજરાતીમાં છપાવેલી છે. તપના અભિલાષીઓને ખાસ ઉપયોગી છે. પહેલા ભાગમાં તો ઉત્કૃષ્ટ કાળે ૧૭૦ પ્રભુ થયા તેના નામો, ૩૦ ચોવીશીના ૭૨૦ પ્રભુના નામો, વર્તમાન ચોવીશીના ૧૨૦ કલ્યાણક વિગરે સમાવી તેના તપ સંબંધીજ હકીકત છે. બીજા ભાગમાં જુદા જુદા ૨૦૮ તપો બતાવ્યા છે. પ્રાયે તમામ તપનું ગુણણું આપેલ છે. યુગ પ્રધાન તપમાં ૨૩ ઉદયમાં થનારા ૨૦૦૪ યુગપ્રધાનોના તમામના નામો છે. પ્રથમ શ્રી જૈન આત્માનંદ સભા તરફથી તપોરત્નમહોદધિ છપાયેલ છે. તેમાં તપ ૧૬૨ પ્રકારના છે. આ બુક સુરતનિવાસી ઝવેરી કેશરીચંદ રૂપચંદની આર્થિક સહાયથી છપાવેલી છે. સંગ્રહ ઘણો ઉપયોગી કર્યો છે પરંતુ શુદ્ધતા ઉપર દ્રષ્ટિ બહુજ ઓછી રાખી છે. આની પણ કિમ્મત રાખી નથી.

ઉપરના બંને પુસ્તક ઝવેરી મોતીચંદ રૂપચંદ. ઝવેરી બજાર. મુંબઇ. પત્ર લખવાથી મળી શકશે.

## શ્રી વિશેષાવશ્યકની ગાથાઓનો અકારાદિક્રમ અને વિષયાનુક્રમણિકા.

શ્રી વિશેષાવશ્યકની અંદર ત્રણ હજાર ઉપરાંત ગાથાઓ છે, તેને માટે આ અનુક્રમ બહુજ ઉપયોગી છે. આમાં જોવાથી જે ગાથા કાઢવી હોય તે તરત નીકળી શકે છે. ઉપરાંત પાછો આખા વિશેષાવશ્યકનો વિષયાનુક્રમ આપેલો છે. આ ખાસ ઉપયોગી છે. આમાં પ્રયાસ અત્યંત કરવામાં આવ્યો છે. સામાન્ય પ્રયાસથી બને એવું આ કામજ નથી. શ્રી આગમોદય સમિતિ તરફથી છપાઇને બહાર પડેલ છે. કિંમત માત્ર પાંચ આના રાખી છે. આ પ્રયાસ શ્રી સાગરાનંદ સૂરિ મહારાજનોજ સંભવે છે. તેમના શિવાય આટલો પ્રયાસ બનવો અશક્ય છે. જેમણે પ્રયાસ કર્યો છે તેમણે એ મહાસૂત્રના વાંચનારા ઉપર અત્યંત ઉપકાર કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૬ શ્રી વિચારસાર પ્રકરણ. સંસ્કૃત છાયા સહિત.

આની અંદર પ્રારંભમાં શ્રી વિશેષાવશ્યકમાંથી ખાસ વાંચવા ને કંઠે કરવા લાયક ૩૫૦ લગભગ ગાથાઓ આપેલી છે. ત્યારપછી શ્રી પ્રદ્યુમ્ન સૂરિ વિરચિત વિચારસાર પ્રકરણ છે. તેની છાયા મુનિ માણિક્યસાગરે કરેલી છે. એ પ્રકરણનો વિષયાનુક્રમ વાંચતાં તેની અંદર ઘણી ઉપયોગી બાબતો સમાવેલી છે. તે પ્રકરણની ૯૦૦ ગાથાઓ છે. તેનો અકારાદિક્રમ પાછો પ્રાંતભાગમાં આપ્યો છે. આ બુક પણ શ્રી આગમોદય સમિતિ તરફથીજ બહાર પડેલ છે. કિંમત માત્ર આઠ આના રાખેલી છે. તે પ્રયાસ ને બુકના પ્રમાણમાં બહુજ સ્વલ્પ છે. પ્રકરણાદિકના અભ્યાસીએ ખાસ મંગાવવા લાયક ને વાંચવા લાયક છે.

ઉપરના બંને ગ્રંથો ભાવનગર આ સભામાંથી પણ મળી શકશે.

---

## ૭ ભાવના ભૂષણ.

બાર ભાવનાનું સ્વરૂપ યથાર્થ પ્રગટ કરનાર આ લેખ કહો અથવા ગુજરાતી ભાષાનો એક ગ્રંથ કહો તે આચાર્ય શ્રી વિજયકમળસૂરિના શિષ્ય મુનિરાજ શ્રી વિનયવિજયજીએ લખેલો છે. અને દોશી ત્રીકમલાલ દામજીએ જામનગરમાં છપાવેલ છે. વિચારક મનુષ્યોને માટે બહુ ઉપયોગી છે. વાંચવા લાયક છે. ભાષા પણ સારી વાપરી છે. દરેક ભાવનાનું સ્વરૂપ સારી રીતે સ્ફુટ કર્યું છે. પ્રાસંગિક સંસ્કૃત શ્લોકો પણ દાખલ કરેલા છે. પાછળ આત્મભાવના પણ ઠીક લખી છે. આઠપેજી ડીમીં ૧૨૦ પૃષ્ટ છે. કિંમત રાખવામાં આવી નથી. સંવત ૧૯૭૭માં છપાવેલી છે. પાકું બાઇંડીંગ કર્યું છે. યોગ્ય જીવોને ભેટ તરીકે મોકલે છે.

—***—

# રિપોર્ટોની પહોંચ.

## ૧ શ્રી કચ્છી જૈનબાળાશ્રમનો તૃતીય રિપોર્ટ.

### ( સં. ૧૯૭૪ થી ૭૮ સુધી વર્ષ ૫ નો.)

આ રિપોર્ટ તે બાળાશ્રમના વ્યવસ્થાપકો તરફથી હાલમાં બહાર પડ્યો છે. તેની અંદર જરૂરીયાતવાળી ઘણી હકીકતો દાખલ કરવામાં આવી છે. આશ્રમમાં હાલ ૬૦ બાળકો છે. બીજા બાળાશ્રમવાળાએ આ રિપોર્ટ ખાસ વાંચવા લાયક છે. એકંદર રીતે બાળાશ્રમની સ્થિતિ સંતોષકારક છે. ઓછે અભ્યાસે બાળકોને ઉઠાવી લઇ જાય છે તે અટકાવવાની જરૂર છે. આ બાળાશ્રમના વ્યવસ્થાપકો ઉત્સાહી અને ચીવટવાળા છે. તે સાથે મેનેજર તરીકે મળેલ જયચંદ્ર નથુભાઈ આત્મભોગ આપનાર મળવાથી કામ દીપી નીકળેલ છે. અમે એ બાળાશ્રમની દિનપ્રતિદિન ઉન્નતિ ઇચ્છીએ છીએ

For Private And Personal Use Only

## ૨ શ્રી મહાવીર જૈનવિદ્યાલય મુંબઇનો આઠમો વાર્ષિક રીપોર્ટ.

( જુન ૧૯૨૨ થી મે ૧૯૨૩ સુધીનો. )

આ રિપોર્ટ પૂર્ણ સંતોષકારક છે. આવું વિદ્યાલય આપણા વર્ગમાં બીજું એક પણ નથી. આ વિદ્યાલયમાં હાલ ૮૪ વિદ્યાર્થીઓ છે. પરીક્ષાનું પરિણામ ઘણું આનંદદાયક આવેલું છે. રિપોર્ટની અંદરની ઘણી હકીકતો જાણવા લાયક છે. એ સંસ્થા ખાસ સહાય આપવા લાયક છે; કારણકે આપણા વર્ગમાં ઉચ્ચ કેળવણી છેલા દશ વર્ષમાં બહુજ ઘટી ગઈ છે, તે આવી સંસ્થામાં વધારે વિદ્યાર્થીઓ જોડાયાથી વધવાનો સંભવ છે. ને કેળવણી વધશે તોજ આપણી કોમ ઉંચી સ્થિતિ ઉપર આવશે. આ જરૂરની બાબતમાં ઉપેક્ષા કરવામાં આવે છે તે ઠીક નથી. આ બાબત જૈનવર્ગે લક્ષ્યમાં લેવા યોગ્ય છે.

આ સંસ્થાને પોતાનું મકાન થાય એવી તજવીજ ચાલે છે. જગ્યા ખરીદ થઈ છે, પાયા નંખાયા છે, સહાય આપવાનાં વચનો મળ્યા છે; પરંતુ હજુ ઘણી વધારે સહાયની અપેક્ષા છે, તે વિના મકાન બનવું અશક્ય છે. કાર્યવાહકો વિચક્ષણ હોવાથી ધાર્યું કાર્ય સિદ્ધ થશે એવો સંભવ છે. અમે આ જૈનસંસ્થાની સંપૂર્ણ પ્રગતિ ઇચ્છીએ છીએ.

---

## ૩ શ્રી જૈન શુભેચ્છક મંડળ ભાવનગરનો ત્રિવાર્ષિક રિપોર્ટ.

( સંવત ૧૯૭૬ના આસોથી સં. ૧૯૭૯ના આસો શુદિ ૩ સુધીનો.)

આ રિપોર્ટની અંદર મંડળે કરેલા કાર્યને લગતી, ઉદ્દેશને લગતી, ધારાધોરણને લગતા અનેક બાબતો સમાવી છે. મંડળનો ઉદ્દેશ ને ઉત્સાહ શ્રેષ્ઠ છે. ત્રણ વર્ષના પ્રમાણમાં કરેલાં કાર્ય બહુ ગણાય તેમ નથી, પરંતુ બીજરૂપે ઉત્તમ છે. તેમાં જણાવેલા ૮-૯ કાર્યો પૈકી ખાસ કરીને સાધર્મી બંધુઓને ખાનગી સહાય આપવા સંબંધી એકજ કાર્ય ઉપર વધારે ધ્યાન આપવામાં આવે તો તે બહુ જરૂરીયાતવાળું છે. અમે એ મંડળની ફતેહ ઇચ્છીએ છીએ અને કાર્યો વધારવાની ખાસ ભલામણ કરીએ છીએ.

## ૪ શ્રી અહિંસા તત્ત્વપ્રસારક મંડળ પુનાનો દ્વિવાર્ષિક હેવાલ.

આ રિપોર્ટ મરાઠી ભાષામાં ને શાસ્ત્રી ટાઇપમાં છપાયેલો છે. આ મંડળે બે વર્ષની અંદર હિંસા અટકાવવાનું અને માંસાહાર બંધ કરાવવાનું કાર્ય ઉપદેશકદ્વારા તેમજ જાતે અનેક સ્થળે જઇને બહુ પ્રશંસાપાત્ર કર્યું છે. કાર્યવાહકો ઉત્સાહી છે. દયાળુ જનોએ સહાય આપવા લાયક છે. આવા ખાતાઓની ખાસ જરૂર છે કે જેથી સંખ્યાબંધ પશુઓનો થતો વિનાશ અટકે અને આપણું પશુધન પુષ્ટ થાય. અમે એ ખાતાની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

---

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## ઉપધાન ક્રિયાની શરૂઆત.

ગયા અંકમાં પાલણપુર, વીરમગામ, શમી અને ઝીંઝુવાડામાં ઉપધાન થવાની કુંકોત્રી પ્રગટ કરી હતી. ત્યારબાદ પાલીતાણા, મહુવા, કપડવંજ, રતલામ અને અમદાવાદ ઉપધાન થવાના ખબર મળ્યા છે. જૈન ગણાતા શ્રાવક શ્રાવિકાઓએ કરવાની આ ક્રિયા સર્વોત્તમ છે, ઉંચા પ્રકારની છે. તેને બરાબર સમજીને રસ-પૂર્વક એમ કરવાની જરૂર છે. ઉપધાન વહન કરાવનાર મુનિરાજ ઉપધાનનો વિષય શ્રાવક શ્રાવિકાઓને સમજાવવાનો પ્રયાસ કરશે તો તેમ થઇ શકશે. જો કે ઓઘે કરતાં પણ એ ક્રિયા મહાલાભકારક છે; પરંતુ સમજપૂર્વક અને યોગ્ય રીતે જીવ્હાઇંદ્રિયના વિષયને તેમજ નિંદા વિકથા વિગેરેને તજી દઇને કરવામાં આવે તો તેનો લાભ અપૂર્વ થાય છે.

## પાલણપુરમાં ચતુર્થવ્રતોચ્ચારણ.

પાલણપુર ખાતે બે જોડાએ (સ્ત્રી પુરૂષે) ઘણી નાની વયમાં ચતુર્થ વ્રતોચ્ચારણ કરેલ છે. એનો અન્ય જૈન બંધુઓએ ધડો લેવા યોગ્ય છે. પ્રૌઢ વય થાય, વૃદ્ધ કહેવાય અને એક બે સ્ત્રીઓ થઈ ગઇ હોય છતાં સ્ત્રીને વિરહે કે પુત્રની ખોટે ફરી ફરીને પરણવાનો વિચાર કરે છે તેની વિષયતૃષ્ણા માટે શું કહેવું ? એવા વિષયવશ મનુષ્યો ધર્મનું આરાધન પણ સારી રીતે કરી શકતા નથી. તેમનું ચિત્ત કંચન કામીનીમાંજ ભટકતું રહે છે. આશા છે કે તેવા બંધુઓ હવે કાંઇક સદ્વિચાર કરશે અને મોટી વયે ફરીને પરણવાનો વિચાર બંધ રાખશે. તે સાથે એમ કરવામાં આપણે સ્ત્રીજાતિને કેટલો અન્યાય આપીએ છીએ તેનો વિચાર પણ કરશે, કારણ કે તેને જો દૈવયોગે બારવરસની ઉમરે પતિવિરહ થાય તોપણ પુનર્વિવાહનો સખ્ત પ્રતિબંધ છે. અને આપણને આટલી છુટ ભોગવતાં વિચારજ આવતો નથી. સુજ્ઞોને માટે આટલું બસ છે.

## અંબાજીમાં થયેલ જીવહિંસાનો અટકાવ.

શ્રી અમદાવાદ જૈન સ્વયંસેવક મંડળના તેમજ શ્રી દયાપ્રચારિણી મહાસભાના સતત્ પ્રયાસથી શ્રી દાંતા નરેશને થયેલી અરજ તેમના ધ્યાનમાં આવતાં તેઓ નામદારે ખાસ અંબાજી પધારી કંકુના થાળ ઉછાળી આનંદ પ્રવર્તાવ્યો છે અને કાયમને માટે ત્યાં જીવહિંસા ન કરવાનો ઠરાવ જાહેર પાડ્યો છે. આ પ્રમાણે થવાથી અનેક જીવોના પ્રાણ બચી ગયા છે અને દાંતાના મહારાણા સાહેબે તે જીવોની અમૂલ્ય આશીષો ગ્રહણ કરી છે. આ સંબંધમાં પ્રયાસ કરનાર સંસ્થાઓ અને ગૃહસ્થોને ધન્યવાદ ઘટે છે. આશા છે કે તેઓ આવાજ આવા શુભ પ્રયાસો કર્યા કરશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. [illegible] ભાગ ૪ થો. સ્થંભ ૧૯ થી ૨૪.

કિંમત ત્રણ રૂપીયા

આ ભાગ હાલમાં બહાર પડ્યો છે. એથી એ ગ્રંથ પૂર્ણ થયો છે. એની [illegible] નકલ બીલકુલ બાકી રહી નથી, છતાં અનેક સંસ્થાઓને તેમજ મુનિમહારાજને [illegible] ભેટ આપેલ છે. જે મંગાવે તે સર્વને ભેટ આપવાના સંબંધમાં [illegible] કિંમતમાં એક રૂપીયો ઓછો લેવામાં [illegible] બહુજ ઉપયોગી છે.

ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર દશે પર્વ મળી શકે છે.

**હરેક જૈન બંધુએ અવશ્ય રાખવા લાયક છે.**

વિભાગ ૧ લો. પર્વ ૧-૨. શ્રી ઋષભદેવ-અજિતનાથ ચરિત્ર. ૩-૪-૦

વિભાગ ૨ જો. પર્વ ૩ થી ૬. શ્રી સંભવનાથજીથી મુનિસુવ્રત સ્વામી સુધીનાં ચરિત્રો. ૨-૪-૦

વિભાગ ૩ જો. પર્વ ૭-૮-૯. જૈન રામાયણ અને ૨૧-૨૨-૨૩ મા પ્રભુનાં ચરિત્રો. ૪-૦-૦

વિભાગ ૪ થો. પર્વ ૧૦ મું. શ્રી મહાવીર સ્વામી ચરિત્ર. ૨-૮-૦

**ચારે વિભાગ સાથે મંગાવનાર પાસેથી રૂ. ૧૧) લેવામાં આવશે.**

પરિશિષ્ટ પર્વ ભાષાંતર પણ આના સંબંધવાળુંજ છે. તેમાં શ્રી જંબુસ્વામીનું ચરિત્ર ૧૯ કથાઓ સાથે અને બીજા આચાર્યોનાં ચરિત્રો છે. ૧-૮-૦

## શ્રી પ્રિયંકર નૃપ ચરિત્ર ભાષાંતર.

આ **શ્રી** ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રભાવ ઉપર આપેલું ચરિત્ર છે. તેની આ બીજી આવૃત્તિ છે. બહુ રસિક છે વાંચવા માંડ્યા પછી પૂરું કર્યા શિવાય મૂકાય તેમ નથી; અંત ભાગમાં વધારે ગાથાના ઉવસગ્ગહરં આપેલા છે. કિંમત છ આના રાખેલ છે. પોસ્ટેજ ૦-૧-૬

**આવૃત્તિ બીજી.** **પ્રતિક્રમણના હેતુ.** **કિંમત આઠ આના**

અતિક્રમણ કરનારા હરેક બંધુઓએ-શ્રાવકોએ તેમજ શ્રાવિકાઓએ ખાસ વાંચવા લાયક છે. તે વાંચ્યા પછી પ્રતિક્રમણ કરવામાં જુદોજ ભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણની અંદરના સૂત્રોના અર્થ જાણનારને આ બુક વાંચતાં બહુ આલ્હાદ થાય તેમ છે. આવી ઉપયોગી બુક સાધુ સાધ્વીઓએ પણ જેઓ એ ગ્રંથ વાંચી ન શકે તેમણે વાંચવા યોગ્ય છે. પોસ્ટેજ એક આનો.

## શ્રી ઉમરાળા પાંજરાપોળ લોટરી.

હેડ ઓફીસ—ભાવનગર.

**સ્વાર્થ સાથે પરમાર્થ સાધો.**

સં૦ ભાવનગરની નામદાર કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનની ખાસ પરવાનગીથી. બીજું ડ્રોઈંગ તા.-૧-૧-૨૪ ના રોજ નીકળશે. ટીકીટ ૧૨૫૫૦. એક ટીકીટની કિંમત રૂ ૧). ઇનામોની સંખ્યા ૭૧૬ છે. મોટું ઇનામ ૧૫૦૦ નું છે. લાગ્ય અજમાવનારી આ સુંદર તકનો લાભ લ્યો.